જમુબહેન ચૌધરી

# ઉજાસયાત્રા – ૨



‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૧

લોકભારતી પ્રકાશન – સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી : ૨૧

# ઉજાસયાત્રા – ૨

## -જમુબહેન ચૌધરી

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત, ભારત.

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

-----------

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

-----------

ઇ-બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર

૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨

## અનુક્રમ

ઉપહાર ........ 4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર! ........ 5

તાલુકા વિકાસ અધિકારી તરીકે : ........ 7

નીઝર તાલુકામાં ........ 11


બદલી માગી ! ........ 21

પ્રગતિશીલ વિસ્તારમાં બદલી માગી ........ 25

ગુજરાતભરમાં શ્રેષ્ઠ કામગીરીનો એવૉર્ડ અને તામ્રપત્ર ........ 28

કુ. જમુબહેન ચૌધરી ........ 33

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી  સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## તાલુકા વિકાસ અધિકારી તરીકે :

આંબા જંગલ એટલે ધરમપુર , પારડી અને વલસાડથી ૩૫થી ૪૦ અને ૭૦ કિ.મિ. પછીથી શરૂ થતો વિસ્તાર, છેક નાસિક જિલ્લાની હદ સુધી વિસ્તરેલો અને સેલવાસ દાદરાનગર હવેલીના વિસ્તારને પસાર કરીને શરૂ થતો વિસ્તાર. ભૌગોલિક ક્ષેત્રફળ ખૂબ વિશાળ. માત્ર જંગલો અને ડુંગરાળ પ્રદેશ. એક પણ મોટું ગામ કે કસબો નહીં. એક જ ગામના એક ફૂબા પરથી બીજા ફૂબા પર જવા માટે ઘણી વાર તો ૧૦ કિ.મિ. ફરીને જવું પડે. ત્યાંના રહેવાસીઓ ડુંગરા ઠેકીને સીધા જ એકબીજાને ત્યાં જઈ શકે તો પણ ૨થી ૩ કિ.મિ. તો થાય. દરેક ગામ ૧૦થી ૨૦ કિ.મિ.ના વિસ્તારમાં છૂટાંછવાયાં ઝૂંપડાંઓમાં પથરાયેલું હોય. વસ્તી પ્રમાણમાં ખૂબ ઓછી, છૂટીછવાઈ. એક ડુંગરી ઉપર બેચાર મકાનો હોય. કર્મચારીઓમાં મારી સાથે બીજા ત્રણ વિસ્તરણ અધિકારીઓ અને ૬૭ ગ્રામસેવકો. માત્ર ખેતી અને સહકાર વિષયક કાર્યક્રમો અમારે કરવાના, છતાં મારા વિસ્તારનાં ગામડાંઓના પ્રાથમિક શાળાની યુક્તાહાર યોજનાઓના કેન્દ્રોનું ચેકિંગ હું કરતી.

અમે પ્રવાસમાં જઈએ , ત્રણ દિવસે પાછાં આવી શકાય. ખૂબ ઊંડાણમાં , દૂર દૂર ગામડાં પહાડીઓમાં જવાનું. એટલે એક દિવસે પાછા ફરી શકાય નહીં. ગામડાંમાં રહેવાની સગવડ પણ નહીં. ગ્રામસેવકો અને તલાટીઓ તેમજ શિક્ષકો પણ ગામડાંઓમાં રહે નહીં. શિક્ષકો કદી ગામે જઈ નિશાળ ચલાવે નહીં. ઘરે બેસીને જ પગાર લે. પ્રાથમિકશાળાઓનાં મકાનો પણ નહીં. ક્યારેક તો ગ્રામસેવકના ક્વાર્ટર્સ પડતર રહેવાને કારણે જમીનદોસ્ત થઈ ગયેલ. ગ્રામ પંચાયત કચેરીનાં મકાનો મળે નહીં. શિક્ષકો અને તલાટીઓ મારા હાથ નીચે નહોતા, તેથી બહુ ધ્યાન એ બાબતે આપતી નહોતી. પરંતુ એક દિવસ ‘મધુબન’ ગામે જ્યાં અત્યારે દમણગંગા નદી ઉપર સેલવાસ પાસે મધુબન ડેમ બાંધ્યો છે ત્યાં યુક્તાહાર કેન્દ્ર અને ડાંગરનું નિદર્શન જોવા માટે ગઈ. સાથે ગ્રામસેવક , ગ્રામસેવિકા અને વિસ્તરણ અધિકારી, ખેતી પણ હતા . કેન્દ્ર પોલીસ પટેલના ઘરે ઓટલા ઉપર ચાલે. સરસ ચાલતું હતું. જોઈને સંતોષ થયો. બાળકો માટે આપવામાં આવતી ખાદ્ય સામગ્રીનો બાળકોને ખવડાવવામાં ઉપયોગ થયો હતો. અચાનક મારાથી પુછાઈ ગયું. નિશાળ ક્યાં છે ? મારે જોવી છે. જવાબ મળ્યો. આ જ ઓટલા ઉપર (પોલીસ પટેલના ઓટલા પર). તો પછી બાળકો અને શિક્ષકો ક્યાં ગયા છે ? અહીં તો કોઈ નથી. લોકોએ કહ્યું, “શિક્ષક આવ્યા જ નથી. આવતા જ નથી.” “છેલ્લા ક્યારે આવ્યા હતા ? શું

નામ છે ? ક્યાંના વતની છે ?" "બાઈસાહેબ, છેલ્લા દોઢ વર્ષ પહેલાં એક દિવસ આવીને ચાલ્યા ગયા હતા. ફરી આવ્યા નથી. નિશાળ ચાલતી જ નથી. બંધ છે !" "તમે તેમનું નામ જાણો છો ?" "એક દિવસ માટે જ આવેલ એટલે નામ જાણતા નથી." "પણ તમારાં બાળકોના ભણતરનું શું ? ક્યાં જાય છે ? ક્યાં ભણે છે ? શાળા તો બંધ છે !" "બાઈસાહેબ , અહીં તો બધાં જ ગામોમાં આવું ચાલે છે. નિશાળો કાયમ માટે ખૂલતી જ નથી. પણ શિક્ષકોને નિયમિત પગાર મળે છે !" હું અહીં એક વાતનો ઉલ્લેખ કરીશ કે આ ગામની નજીકના સેલવાસ , દાદરા–નગરહવેલીનાં કેન્દ્રશાસિત આવા જ આદિવાસી વિસ્તારોમાં નિયમિત નિશાળો ઊઘડતી , શિક્ષણ અપાતું અને શિક્ષકો પણ ગામે રહેતાં. જ્યારે તેની સામેના ધરમપુર તાલુકામાં તમામ ગામોમાં નિશાળો બંધ રહેતી.

મેં આ બાબતની નોંધ કરી અને તાલુકા પંચાયત કચેરી , ધરમપુરના જવાબદાર અધિકારીને રિપોર્ટ કર્યો. કારણ પ્રાથમિક શિક્ષણની કામગીરી તેમની પાસે હતી. પરંતુ તેમના તરફથી કાંઈ જ પગલાં લેવામાં આવ્યાં નહીં. આ પ્રસંગ પછી હું જે ગામે જાઉં ત્યાં પ્રાથમિક શાળાની તપાસ કરું. બધે જ બંધ. બે માસના સમયગાળામાં મેં લગભગ ૨૦ ગામોની મુલાકાત લઈ, પ્રાથમિક શાળાઓ બાબત સંબંધિત અધિકારીને જાણ કરી. પરંતુ કોઈ જ પગલાં લેવાને બદલે મને કહેવામાં આવતું કે આવી તપાસો કરવાનું અને રિપોર્ટ કરવાનું બંધ કરો. અહીં તો વર્ષોથી નિશાળો બંધ છે. એમ જ ચાલશે. મને ખૂબ દુઃખ થતું , પરંતુ પ્રાથમિક શિક્ષણનું કામ મારી પાસે નહોતું, જેથી હું પગલાં લઈ શકતી નહીં. લાચાર બની ગઈ.

મેં એ વિસ્તારના જાહેર આગેવાનો કે સેવકોને પણ આ બાબત ફરિયાદ કરી , તો તેમના તરફથી પણ નિરાશાજનક જવાબ મળ્યો કે 'શું કરીએ ? એ બધા શિક્ષકો અમારા સગા –સંબધી કે એક યા બીજી રીતે અમારી સાથે સંકળાયેલા હોય છે !"

સ્વરાજનાં ત્રીસ વર્ષ પછી પણ જનતા નિઃસહાય હતી.

બે માસ થયા. તેવામાં ગુજરાત રાજ્યના આદિવાસી વિકાસખાતાના સચિવશ્રી ધરમપુર તાલુકાની મુલાકાતે આવ્યા. તેઓશ્રીને પણ આ વિસ્તારમાં નિશાળો બંધ રહે છે તેવી માહિતી મળી હશે. જિલ્લાના તમામ સરકારી અધિકારીઓની મિટિંગ બોલાવી. એ વિસ્તારના તમામ પ્રશ્નોની ચર્ચા–વિચારણા કરવાની હતી. મિટિંગ શરૂ થતાં સચિવશ્રીએ પ્રથમ મને જ ઊભી કરી.

કહે, બહેન, જવાબ આપો. તમારા વિસ્તારમાં નિશાળો ચાલુ છે ખરી ?" મેં કહ્યું, "સાહેબ, સાચું બોલું કે ખોટું ?" મારો આવો સામો સવાલ સાંભળી તેમને આશ્ચર્ય થયું. કહે, "સાચું જ બોલો." મેં કહ્યું, "સાહેબ, બધી જ નિશાળો વર્ષોથી બંધ છે." "તમે શું કર્યું ?" મેં કહ્યું, "હું હજી બે માસ થયા આવી છું. .નિશાળોની મુલાકાત લઉં છું. બંધ હોય છે. શિક્ષણનું કામ મારી પાસે નથી જેથી હું કોઈ પગલાં લઈ શકતી નથી. મેં આ અંગેના રિપોર્ટ સંબંધિત અધિકારીશ્રીને કર્યા જ છે." શિક્ષણનું કામ કોણ સંભાળે છે ?" મેં કહ્યું, "આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી સંભાળે છે. મેં તેમને રિપોર્ટ કર્યો છે."

સચિવશ્રીએ સંબંધિત અધિકારીને ઊભા કર્યા. તેઓ ધ્રૂજતા હતા. મને નીડરતાથી સચિવશ્રી જેવા રાજ્યકક્ષાના ઉચ્ચ અધિકારી સામે બેધડક સાચું બોલતી જોઈ , તેઓ ગભરાઈ ગયા હતા. તેઓ જવાબ આપી શક્યા નહિ. સચિવશ્રીએ તેઓને સખત ઠપકો આપ્યો.

મને બીજો પ્રશ્ન કર્યો : "તમારા ગ્રામસેવકો ક્યાં રહે છે ?" મેં કહ્યું બધા જ ધરમપુર રહે છે. "તમે ગામોમાં જાઓ ત્યારે કેવી રીતે કામ કરો છો ?" મેં કહ્યું , "જીપમાં મારી સાથે ગ્રામસેવકોને લઈ જાઉં છું. બેત્રણ દિવસ બધાં જ સાથે ગામડાંઓમાં ફરીએ છીએ. કામગીરી પૂરી થાય એટલે ગ્રામસેવકોને પણ પાછા લઈ આવું." "આવું શા માટે કરો છો ? તેમને ગામે રહેવાની ફરજ પાડો." "સાહેબ, તેઓ વર્ષોથી જતા જ નથી. રહેતા નથી , જેથી હું સાથે લઈ ના જાઉં તો મારું કામ પણ થાય નહીં. તેમને લઈને જાઉં તો મારું કામ તો થાય ને ?"

મારા આવા સાચા નિખાલસ જવાબો સાંભળી તેઓને આશ્ચર્ય અને આનંદ થયો. તેઓશ્રી પણ જાણતા હતા કે ધરમપુર વિસ્તારમાં સદંતર નિશાળો બંધ છે. કોઈ તલાટી કે ગ્રામસેવકો કે અન્ય કર્મચારીઓ ગામે રહેતા નથી. મારી જગ્યાએ બીજા અધિકારી હોત તો પોતાનું સારું દેખાડવા ઢાંકપિછોડો કર્યો હોત. ખોટો બચાવ કર્યો હોત. મેં તેવું કરવાના પ્રયત્નો કર્યા નહીં. સચિવશ્રી સારી છાપ લઈને ગયા. મિટિંગમાં ભેગા થયેલ જિલ્લાના અન્ય અધિકારીઓની ઉપર મારા જવાબોથી કેવી અસર થઈ હશે ? મારા વિષે બધાએ કેવાં ઉચ્ચારણો કર્યાં હશે , તે સમજી શકાય તેવું છે અને... ...

આંબા જંગલ વિકાસ ઘટકમાં મેં આદિવાસી યુવકોને માટે સુથારી અને સીવણ વર્ગની તાલીમ માટેના બે વર્ગો શરૂ કર્યા હતા. આવા વર્ગોમાં દાખલ થવા માટે અભ્યાસ ઓછામાં

ઓછો ચાર ધોરણનો જોઈએ , પરંતુ આ વિસ્તારમાં નિશાળો જ બંધ હતી , તેથી બાળકો ભણી શકે નહીં. તો પછી ભણેલા યુવકો મળે ક્યાંથી ? આદિજાતિ પેટા યોજનાની મિટિંગમાં મેં રજૂઆત કરી અને આંબા જંગલ ઘટકના વર્ગો પૂરતી ભણતરની મર્યાદામાં છૂટછાટ મૂકવા જણાવ્યું. પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર સાહેબને મારી રજૂઆત વાજબી લાગતાં છૂટ આપી અને અભણ છોકરાઓને પણ વર્ગમાં દાખલ કર્યા પરંતુ બાળકોને થોડું અક્ષરજ્ઞાન અને આંકડાનું જ્ઞાન, માપ સમજવા ડાયાગ્રામો દોરવા માટે જરૂરી હતું જ. તેથી ઇન્સ્ટ્ર ક્ટરોને મેં સૂચના આપી કે તાલીમવર્ગોમાં આવતા તાલીમાર્થી યુવકોને રોજ એક કલાક તેઓને જરૂરી અક્ષરજ્ઞાન અને અંકગણિત શીખવવું, જેથી તેઓ થિયરી અને ડાયાગ્રામ નોટબુકમાં ઉતારી શકે. ઇન્સ્ટ્રકટરો પણ ખૂબ ઉત્સાહી હતા. તેઓ રોજ એકબે કલાક આ શિક્ષણ પણ આપે. અમે આ પ્રયોગમાં સફળ થયાં. યુવકોને સુથારી અને સીવણકામ સાથે અક્ષરજ્ઞાન અને ગણિતનું શિક્ષણ મળતું. તેમને પાટી-પેન પણ આપેલ તેથી ખૂબ હોંશે હોંશે વર્ગોમાં દૂરથી પણ આવતા. ધરમપુરમાં આ પહેલાં ચલાવવામાં આવેલ તાલીમવર્ગોમાં માત્ર ભણેલ યુવકોને જ દાખલ કરતા તેથી અભણ છતાં બુધ્ધિશાળી અને ઉત્સાહી ઘણા છોકરાઓને આવી તાલીમ મળી શકતી નહીં. મેં પ્રથમ વાર આ અભણ યુવકોને તાલીમ આપવાની પ્રથા ચાલુ કરી હતી.

એક દિવસ મારી ગેરહાજરીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આ વર્ગોની મુલાકાતે ગયા. બન્ને વર્ગો લૌકર ગામે ચાલુ હતા. અભણ આદિવાસી બાળકોએ સીવેલાં કપડાં અને તાલીમ દરમ્યાન બનાવેલ સુંદર ફર્નિચર જોઈને સાહેબ ખૂબ ખુશ થયા. વિઝિટ બુકમાં ખૂબ સારી વિઝિટ લખી. વર્ગની પ્રશંસા કરી. લાગવગવાળા અધિકારીએ આ બન્ને વર્ગો તેમને સોંપી દેવા માટે જિલ્લા કચેરીમાં અને મને લખાણ કર્યું. મને એવું પણ જણાવ્યું કે તમે ગેરહાજર હતાં તેથી સાહેબે વિઝિટ બુકમાં તમને ઠપકો આપ્યો છે. તેને એમ કે અંગ્રેજીમાં સાહેબે શું લખ્યું છે તે કોણ વાંચે ? મેં વર્ગો સોંપવાની સ્પષ્ટ ના પાડી. એ મારા વિસ્તારના છે. મેં મંજૂરી લઈ શરૂ કરાવ્યા છે. વર્ગો વ્યવસ્થિત ચાલે છે. બાળકોને તાલીમ પણ સારી મળે છે. હું નહીં સોંપું. તે મેં સોંપ્યા નહીં. મેં વિઝિટ બુક વાંચીને જવાબ આપ્યો . "સાહેબની રજા લઈને હું ગેરહાજર હતી. વિઝિટબુકમાં સાહેબે વર્ગની પ્રશંસા કરતો શેરો લખ્યો છે – તમે વાંચો તો ખરા !"

## નીઝર તાલુકામાં

નીઝર સુરતથી ૧૭૫ કિ.મિ. દૂર. તાલુકાનાં ૫૬ ગામો. તાપી –ઉકાઈ જળાશયની ઉત્તર કાંઠે વસેલાં. અને ૩૫ ગામો દક્ષિણ કાંઠે વસેલાં. વચ્ચે વિશાળ જળાશય. તાપી કિનારે પાઘડી પને વસેલો તાલુકો. સામે પાર મહારાષ્ટ્રના બે તાલુકા. તલોદા અને અક્કલકુવા થઈને ગામડાંઓમાં જઈ શકાય. તાપી નદીમાં હોડીઓમાં જીપને મૂકીને ઉતારવાની અને સામે પાર તેમાં પ્રવાસ કરવાનો. બસ-સગવડ બહુ જ ઓછી મળે. ચોમાસામાં જીપ સાથે લઈ જઈ શકાય નહીં. ઘણી વાર રેલ હોય તો હોડીઓ બંધ કરી દેવી પડે. અમારાથી પણ જવાય નહીં. ગુજરાતમાં ખરાબ તાલુકા તરીકે પંકાયેલો આ વિસ્તાર. ત્યાં કોઈ નોકરી કરવા તૈયાર થાય નહીં.

તાલુકાના મોટાભાગના લોકોની જમીનો ઉકાઈ જળાશયમાં ડુબાણમાં જવાથી તે બધાને ઊંચાઈવાળી જગ્યાઓમાં વસાવવામાં આવેલા. દરેક કુટુંબને માત્ર ચાર એકર જમીન આપેલી. કેટલાકને તો એક તાલુકામાં વસાવ્યા હોય તો ખેડાણ જમીન બીજા તાલુકામાં આપી હોય તેવું પણ બનેલું. ચાર એકર જમીનની આવક સિવાય અન્ય કોઈ આવક નહીં. શહેરોથી દૂર હોવાને કારણે તથા નીઝર આસપાસ કોઈ કારખાનાં નહીં હોવાથી પૂરક ધંધા પણ કોઈ મળે નહીં. મજૂર વર્ગને કેટલાક પાટીદાર જમીન માલિકોની ખેતીમાં મજૂરી મળે. તે સિવાય કોઈ ધંધો નહીં. તે વખતે સુરતથી આખા દિવસમાં માત્ર પાંચ બસો જાય અને પાંચ આવે. સિવાય કોઈ વાહનવ્યવહાર નહીં. તાલુકામાં બે હાઈસ્કૂલ અને ત્રણ ઉત્તર બુનિયાદી વિદ્યાલય. તેમ જ બે આશ્રમશાળાઓ ચાલે. પ્રાથમિકશાળાઓ દરેક ગામે હતી. કેટલાંક ગામોમાં સર્વોદય યોજના તરફથી શાળાઓ ચાલતી.

સૌથી વધુ ચર્ચાસ્પદ વ્યક્તિ એક તાલુકા પ્રમુખ હતા. તાલુકા વિકાસ અધિકારીને પોતાના નોકર ગણે, પ્રમુખને પૂછ્યા વિના કશું જ કરી શકાય નહીં તેવું માને . પંચાયત ધારાની કલમ નં. ૨૩ના વિકાસ અધિકારીના અધિકારો પ્રમુખે જ ભોગવવાના તેવું સમજે. તેથી તેમણે સૂચના આપી રાખી હતી કે તાલુકા વિકાસ અધિકારીએ અને કર્મચારીઓએ મને પૂછ્યા વિના ક્યાંય જવું નહીં, કશું કરવું નહીં. કર્મચારીઓની રજા પણ તેઓ જ મંજૂર કરે જે એમની સત્તા બહાર હતું. પોતે ગામડે તો જતા જ નહીં ; પરંતુ તેમના વિરોધપક્ષના ગામડાંનાં વિકાસકામો પણ કરવા દે નહીં. વિરોધપક્ષના લોકોને કચેરીમાં આવવાની પણ મનાઈ કરે. મને આવા

પ્રમુખ સાથે જાણીને મૂકવામાં આવી હતી. જળાશયને કારણે જે ગામોને સલામત સ્થળે ખસેડવામાં આવેલાં તેવાં ગામોના અનેક પ્રશ્નો વરસોથી વણઉકેલ્યા પડેલા હતા. છેલ્લાં ચારપાંચ વરસથી વિકાસનાં કામો થયાં જ ન હતાં. મારા અગાઉના તાલુકા વિકાસ અધિકારીએ ઓનરશિપનાં કરેલાં બાંધકામો અધૂરાં હતાં , અને તે બધાંની તપાસો ચાલુ હતી. જેમાં ૨૦ જેટલા શાળાના ઓરડા અને ૧૫ કૂવાઓ હતા.

કચેરીમાં મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ૭ કર્મચારીઓની જગ્યા ખાલી હતી. કામ કેમ ગોઠવવું, કેમ પૂરું કરવું, પ્રશ્નો કેમ હલ કરવા તે પ્રશ્ન મારી સામે હતો. પ્રમુખ તો સાથ–સહકારને બદલે દરેક કામમાં વિઘ્નો જ નાખે.

પ્રથમ દિવસે હાજર થતાં જ કડવો અનુભવ થયો. હું વ્યારાથી સવારે નીકળી હતી. વરસાદ અને નદીમાં પાણી હતું. રસ્તે બસ રોકાઈ ગઈ. જેમતેમ નદી પાર કરીને સામેથી બસ ઉપાડી ત્યારે ૧ –૦ વાગે નીઝર પહોંચી. એક હરિજન કર્મચારીએ જમવાનું બનાવ્યું. હું જમીને આવી ત્યારે પ્રમુખ કહે, "તમે ગોહિલને ત્યાં મને પૂછ્યા વગર કેમ જમ્યાં ?" મને આવા પ્રશ્નની નવાઈ લાગી. મારે ક્યાં જમવું એ મારો અંગત પ્રશ્ન છે. પ્રમુખ કહે , ત્યાં તો ન જ જમવું , ભલે ભૂખ્યા રહેવું પડે. અહીં લોજ કે કોઈ સગવડ નહીં. તેમણે વ્યવસ્થા કરવી જોઈએ. તેને બદલે આવું કહ્યું. મેં કર્મચારીઓને આ બાબત પૂછ્યું તો કહે સાહેબ, પ્રમુખ તો એવું માને છે કે આપણે બધા તેમના નોકર છીએ. બધું એમને પૂછીને જ કરવું જોઈએ. હજી તો હવે તમને અનુભવ થશે.

એક દિવસ ડ્રાઈવર સાથે મને સંદેશો મોકલ્યો કે "તાલુકા વિકાસ અધિકારીએ મને પૂછ્યા વિના ગાડી વાપરવી નહીં." હું બીજે દિવસે કુટુંબ નિયોજનનાં ઑપરેશન કરેલ બહેનોને મૂકવા જીપ લઈ ગઈ. છેક રાત્રે આવ્યાં. પણ તે પહેલાં તેમણે જિલ્લા પ્રમુખને ફોન કરીને જાણ કરી દીધી હતી કે તાલુકા વિકાસ અધિકારી મને પૂછ્યા વિના જીપ વાપરે છે. જોકે પ્રમુખથી , તાલુકા વિકાસ અધિકારીને પૂછ્યા વિના જીપ વાપરી શકાય નહીં તેવા સરકારના નિયમો હતા તેથી મને કોઈ ઠપકો મળ્યો નહીં. હું હાજર થઈ તે અગાઉ રોજ એ જીપ પ્રમુખના અંગત કામે , વતનના ગામે જવા અને આવવા માટે વપરાતી હતી તેથી સરકારી કામે મને તે વાપરવાની ના પાડી હતી. ત્યાર બાદ આખું વર્ષ અંગત કામે જીપ વાપરવા મેં પ્રમુખને આપી નહીં.

નાના અને સીમાન્ત ખેડૂતોની એજન્સી તેમ જ ટ્રાઈબલ સબ-પ્લાન યોજના તરફથી આદિવાસી છોકરા–છોકરીઓને હીરા ઘસવાની તાલીમ તેમ જ સીવણની તાલીમના વર્ગો શરૂ કરવાના હતા. અગાઉ આવા વર્ગો પ્રમુખે શરૂ કરવા દીધા ન હતા . આ વખતે પણ તેમણે વિરોધ કર્યો પરંતુ મેં તે શરૂ કરાવ્યા. હું બન્ને એજન્સીના અધિકારીશ્રીઓને મળી. યોજના મંજૂર કરાવી.

તાલીમાર્થીઓ તૈયાર કર્યા અને ખૂબ સુંદર મોટો સમારંભ રાખ્યો. તેનું પ્રધાનશ્રીએ ઉદઘાટન કર્યું. હીરા ઘસવાની તાલીમ જો ખાનગી કારીગરો પાસે લેવા જાય તો રૂ. ૫૦૦ આપવા પડે અને તે માટે પણ આ વિસ્તારના છોકરાઓને સુરત જવું પડે, ખૂબ દૂર. જ્યારે અમે નીઝર ખાતે વર્ગ શરૂ કર્યો અને સામેથી સ્ટાઈપેન્ડ આપતા તેથી ૪૦ છોકરાઓએ તાલીમ લીધી. સીવણ વર્ગમાં ૫૦ છોકરા –છોકરીઓ હતાં. પાછળથી તે બધાંને સાધનો-મશીનો પણ સબસીડીના ધોરણે આપ્યાં જેથી તેઓ રોજી મેળવી શકે. જોકે અમારા પ્રમુખશ્રીએ આમાં ખૂબ વાંધો લીધો. તેઓ તાલુકા વિકાસ અધિકારી કહે તેવું કોઈ કામ થવું જોઈએ નહીં તેવું માનતા અને પોતે પણ કશું કરતા નહીં. પણ ઉપર વધારે સમજદાર અધિકારીઓ હતા.

સીવણનાં સાધનો, મશીનો આપવામાં લાંચ–રુશવત ઘૂસે નહીં, સારાં અને સસ્તાં સાધનો આ બાળકોને મળે તે હેતુથી મેં તેના વિક્રેતાને બોલાવ્યા અને કહ્યું કે આ મશીનો ગરીબ લોકો માટે છે, જેથી નહીં નફો કે નહીં નુકસાનના ધોરણે તેમને ખોટ જાય નહીં અને આ લાભાર્થીને મોંઘાં પડે નહીં તેવી વાજબી કિંમત નક્કી કરો. મને કે મારા કર્મચારીઓને એમાંથી કશું આપવાનું નથી. વેપારીને નવાઈ લાગી. તેણે દરેક મશીન ઉપર લગભગ રૂ. ૫૦ ઘટાડીને પડતર કિંમતે આપ્યાં.

સ્થાનિક વિકાસ કાર્યક્રમ એ જ વર્ષે ચાલુ થયો હતો. દરેક તાલુકા દીઠ ૧ લાખ રૂપિયા ગ્રાન્ટ અને સામે તેટલો લોકફાળો મળી રૂ. ૨ લાખમાં બાંધકામો , નિશાળો, કૂવા, રસ્તા વગેરે બનાવવાનાં. હું સપ્ટેમ્બર માસમાં હાજર થઈ ત્યાં સુધી કશું કામ થવા દીધું ન હતું. લોકોની માગણીઓ આવી હતી પરંતુ અમુક પક્ષ સિવાયનાં ગામોમાં તે કામો થતાં ન હતાં. અધિકારીથી આવો રાજકીય ભેદભાવ રાખી શકાય નહીં. સરકારનાં નાણાં તમામ લોકોના વિકાસ માટે હતાં. દરેકને તેનો લાભ મળવો જોઈએ.

આવા દરેક કામના અમે પ્લાન એસ્ટીમેટ બનાવી તાંત્રિક મંજૂરી મેળવી. વહીવટી મંજૂરી માટે તાલુકાની કારોબારીની મિટિંગમાં રજૂ કર્યાં. પ્રમુખશ્રીએ પોતાના પક્ષ સિવાયનાં ગામમાં કામોને મંજૂરી આપી જ નહીં તેમણે જે મંજૂર કર્યાં હતાં તેની ૫૦% રકમનો લોકફાળો જમા નહીં થતાં મેં તે ચાલુ કરાવ્યાં નહીં , જેથી વર્ષ આખરે ગ્રાન્ટ ગુમાવવાનો પ્રશ્ન ઊભો થયો. જો લોકફાળાની રકમ આવ્યા વિના કામો શરૂ કરાવીએ તો અધૂરાં રહી જાય અને અમારી તપાસ ઊભી થાય. હું હતાશ થઈ ગઈ. માસિક મિટિંગ વખતે કામો શરૂ નહીં થયાં હોવાથી મને ખૂબ ઠપકો મળ્યો. પણ મેં આખી પરિસ્થિતિ જિલ્લા વિકાસ અધિકારી સાહેબને જણાવી કે તાલુકા પંચાયતે ગામના લોકફાળાની રકમ જમા છે તેવાં કામો નામંજૂર કર્યાં. આવી પરિસ્થિતિમાં કામ થઈ શકે તેમ નથી. છેવટે તેમણે રસ્તો કાઢી આપ્યો અને કહ્યું , “નામંજૂર કરેલ તમામ કામોની દરખાસ્ત જિલ્લા કચેરીએ મોકલો. અમે મંજૂરી આપીશું. તમે મંજૂરીની અપેક્ષાએ કામો ચાલુ કરી દો. પૂરાં થશે ને ? મેં કહ્યું, પૂરાં થઈ જશે. અને મેં મંજૂરીની અપેક્ષાએ બધાં કામો શરૂ કરી દીધાં. મંજૂરી માટે દરખાસ્ત મોકલી દીધી. માર્ચની તા. ૧૫મી સુધીમાં લગભગ ૭૫% કામ થઈ ગયું અને મંજૂરી પણ મળી ગઈ. માર્ચમાં અંતે તમામ રકમ વપરાઈ ગઈ હતી. કામો પૂર્ણ થઈ ગયાં હતાં. સિદ્ધિ કાગળ પર નહીં, ક્ષેત્રમાં થઈ હતી.

આવી રીતે નો સોર્સના ૧૫ કૂવાઓનો પ્રશ્ન અટવાતો હતો. નો સોર્સ એટલે જ્યાં પાણીની સગવડ ન હોય તેવાં ગામો. અગાઉથી મંજૂર થયેલાં અને ૧૦૦% સરકારી ખર્ચે કરવાનાં હતાં. કોન્ટ્રાક્ટ પણ અપાઈ ગયા હતા ; પરંતુ એક યા બીજા બહાને તે કરતાં અટકાવ્યું હતું તેથી કોન્ટ્રાક્ટરો પણ કંટાળીને ભાગી ગયા હતા. મેં ફરીથી કોન્ટ્રાક્ટરોને શોધ્યા. કામો ચાલુ કરાવ્યાં. જ્યાં કોન્ટ્રાક્ટરો મળ્યા નહીં ત્યાં ગ્રામપંચાયતો પાસે કામ કરાવ્યું. સતત દોઢ બે માસ તેની પાછળ પડી. અઠવાડિયે બે વાર બધાં કામો જાતે જોઈ આવું. આમ કૂવાઓ પણ પૂરા કરાવ્યા. મારી આ પ્રગત્તિ જોઈને સરકારશ્રીમાં મારી વિરુદ્ધ લખાણો કરવાનું થયું ; પરંતુ ઉપલી કચેરીએથી મારી સામે કોઈ તપાસ થઈ નહીં. કારણ બધા જાણતા હતા.

હું હાજર થઈ ત્યારે ૨૮ જેટલા નિશાળના ઓરડાઓનાં અધૂરાં બાંધકામો ખોરંભે પડી ગયાં હતાં. તેને માટે આવેલ સિમેન્ટ અન્ય ખાતાને ઉછીની અપાઈ હતી. બેત્રણ કામો થયાં હતાં. તે સારું કામ નહીં થવાથી પડી ગયાં હતાં અને તેની ખાતાકીય તપાસો ચાલુ હતી.

મેં કર્મચારીઓ સાથે ટીમ બનાવીને ગામે ગામ ફરીને કોન્ટ્રાક્ટરોને શોધી કાઢીને ફરીથી કામો શરૂ કરાવ્યાં. ઝુંબેશ ઉપાડી. થોડા ઓરડા બાકી રહી ગયા સિમેન્ટના અભાવે. તેમાં કેટલાક હરિ ૐ આશ્રમની સહાયના હતા તેથી તેમના તરફથી તાલુકા વિકાસ અધિકારીની રૂએ મને ખૂબ ખરાબ ભાષામાં ઠપકા મળતા હતા , છેવટે મેં થાકીને તેમને સિમેન્ટ બીજે સ્થળ બહાર અપાઈ ગઈ તેને કારણે કામો પૂરાં થયાં નથી તેમ જણાવ્યું તેથી પંચાયતના આગેવાનને ઠપકો આપ્યો.

સહકારી મંડળીઓ અને દૂધ મંડળીઓનાં રજિસ્ટ્રેશન બાબત સૂચિત દરખાસ્ત તાલુકા પંચાયત કચેરીમાં બે-ત્રણ માસથી આવીને પડી હતી. એક પક્ષની દરખાસ્તો રવાના થયેલ , વિરોધપક્ષની બાકી હતી. મારા હાજર થતાં , તેવી બાકી રાખેલ દરખાસ્તોના મંત્રી , પ્રમુખો આવ્યા અને રજૂઆત કરી.

ગુજરાત પંચાયત ધારામાં આવી દરખાસ્તો તાલુકાની કારોબારીમાં મંજૂર કરીને મોકલવાની કોઈ જોગવાઈ ન હોવા છતાં આમ થયેલ ; પરંતુ મેં તે બધી બાકી દરખાસ્તો કારોબારીના ઠરાવ વિના મોકલી દીધી, અને મંજૂર થઈ ગઈ.

સ્વભંડોળની રકમમાંથી પ્રમુખને માટે રૂ. ૮૦ ,૦૦૦ના એસ્ટીમેટનો બંગલો બાંધવા ઠરાવ્યું અને રૂ. ૪૦ ,૦૦૦ની ખૂટતી રકમની ગ્રાન્ટ જિલ્લા વિકાસ નિધિમાંથી લોન લઈને મેળવવાનું નક્કી કર્યું. સ્વભંડોળ રૂ. ૪૬૦૦૦ જેટલું તો ઓછું હતું જ , તેથી મેં તેનો વિરોધ કર્યો કારણ કે નાણાકીય જવાબદારી મારી હતી. વળી વિકાસનિધિની લોન તો , નબળી તાલુકા પંચાયતો કે ગ્રામ પંચાયતોને વિકાસનાં કામો માટે આપવાની હોય છે. આ વિકાસકાર્ય ન હતું. મારા વિરોધ છતાં જિલ્લા પંચાયતે લોન મંજૂર કરી તાલુકા પંચાયતના સ્વભંડોળમાંથી રૂ. ૮૦,૦૦૦ પ્રમુખશ્રીના બંગલા માટે ફાળવ્યા. બીજી બાજુ તે જ વખતે કેર સંસ્થા તરફથી ગરીબ બાળકો માટે પૂરક ખોરાક આપવાની ચાલતી યુક્તાહાર યોજના હેઠળ મળતી ખાદ્ય સામગ્રી માટેનું ગોડાઉન બાંધકામ મંજૂર થયેલું. કેર સંસ્થાએ તેને માટે રૂ. ૫૦ ,૦૦૦ આપ્યા હતા. એસ્ટીમેટ રૂ. ૫૩ હજારનો હતો. રૂ. ૩૦૦૦ તાલુકા પંચાયતે પોતે ભરવાના હતા. જો ઉમેરીને બાંધકામ કરવામાં નહીં આવે તો રૂ. ૫૦ ,૦૦૦ પરત જમા કરાવવા પડે. ભવિષ્યમાં પછી ફરી વાર તાલુકાને લાભ મળે નહીં. મેં રૂ. ૩૦૦૦ માટે કારોબારીમાં ઠરાવ કરવા દરખાસ્ત મૂકી. તે નામંજૂર રહી.

પ્રમુખશ્રીના રહેઠાણ માટે રૂ. ૮૦,૦૦૦ જેટલી જંગી રકમ લોકોના પૈસામાંથી રોકી શકાય જ્યારે લોકોના વિકાસ માટે ગોડાઉન પાછળ રૂ. ૩૦૦૦ નામંજૂર કરાય. લોકનેતાઓ લોકોના પૈસા જે કર નાખીને સામાન્ય જનતા પાસેથી વસૂલ કરવામાં આવે છે તેનો કેવો ઉપયોગ કરી શકે છે તેનું આ દૃષ્ટાંત છે.

આ જ ગોડાઉન માટે જમીન જે કચેરીના સ્ટાફ ક્વાર્ટર્સ પાસે હતી , તે નહીં આપતા ગામની બહાર દૂર જ્યાં ટ્રક કે વાહન જઈ શકે નહીં તેવી અસલામત અને નીચાણવાળી જગ્યા જ પસંદ કરી.

તાલુકા પંચાયતની એક સામાન્ય સભામાં તાલુકા વિકાસ અધિકારી પાસેથી નાણાકીય સત્તાઓ લઈ લેવી અને પ્રમુખને આપી દેવી તેવો અર્થહીન ઠરાવ પસાર કરવાનો હતો. એજન્ડા કાઢવામાં આવ્યો. આ બાબત મેં અગાઉથી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તેમ જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને જાણ કરેલી કે જો આવો ઠરાવ સામાન્ય સભામાં પસાર થશે તો તરત જ નાણાકીય વહેવાર ખોરવાઈ જશે. તાલુકા પંચાયત આવા ઠરાવ કરી શકે નહીં. અને સરકારે નાણાકીય સત્તા સીધી અધિકારીને આપેલી છે. પ્રમુખશ્રીને એ અધિકાર પ્રાપ્ત થઈ શકતા નથી . એવી કોઈ જોગવાઈ નથી, જેથી તાલુકામાં ઊહાપોહ ઊભો થશે. આવો ઠરાવ નહીં કરવા તેમના પક્ષના જ માણસોએ પ્રમુખને ખૂબ સમજાવ્યા. લોકસભાના સભ્યશ્રી , ધારાસભાના સભ્યશ્રી , બધાએ સમજાવ્યા પણ માને તે બીજા. પ્રમુખશ્રીએ સભા શરૂ થતાં અગાઉ પોતાના પક્ષના સભ્યોની મિટિંગ રાખી તમામને ઠરાવની તરફેણમાં મત આપવા સમજૂતી કરી તૈયાર રાખ્યા કે જેથી ઠરાવ પસાર થઈ જાય.

સભા શરૂ થઈ. ઠરાવ રજૂ થયો. મેં પ્રમુખશ્રીની મંજૂરી માગી બે શબ્દો બોલવા ઊભી થઈ. નિયમ મુજબ આવો નિયમ વિરુદ્ધનો ઠરાવ પસાર થતો હોય તો સભ્યોને સાચા માર્ગે અધિકારીને નાતે મારે દોરવા જોઈએ.

મેં આ ઠરાવ પસાર થાય તો , નાણાકીય કેવી ગૂંચ ઊભી થશે તે સમજાવતાં કહ્યું કે "અત્યારે તમને ભથ્થાં પણ મળશે નહીં અને તમામ નાણાકીય વ્યવહાર વહીવટ બંધ થઈ જશે ; કારણ તમારા ઠરાવથી પ્રમુખશ્રી નાણાકીય વહીવટ કરી શકે નહીં. બૅંક તેમની સહીવાળા ચૅક સ્વીકારે નહીં કારણ એ અધિકાર સરકારે અધિકારીને જ આપેલા છે. વધુમાં તમારો ઠરાવ

જિલ્લા વિકાસ અધિકારીશ્રી સસ્પેન્ડ કરશે અને તમારી આબરૂ જશે. હવે તમારે ઠરાવ કરવો હોય તો કરો," સભ્યોને સાચી સ્થિતિ સમજાઈ ગઈ. એકી અવાજે ઠરાવનો વિરોધ થયો . ઠરાવ પસાર થયો જ નહીં.

ભારત સરકારની યોજના હેઠળ ભૂમિહીન ખેતમજૂરોના આવાસો બાંધવાની કામગીરી ચાલુ કરી. હું ત્યાં ગઈ તે પહેલાં એક ભાગેડુ કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપેલ અને કામ કર્યા વિના રૂ. ૮૦૦૦ જેટલી રકમ લઈને તે ભાગી ગયો હતો.

ફરી વાર આ કામ કરવાનું થયું ત્યારે મેં વિચાર્યું કે સરકારશ્રી તરફથી મકાનદીઠ માત્ર રૂ. ૬૫૦ મળે છે , અને રૂ. ૯૦૦ની કિંમતનું ટાઈપ ડિઝાઈનવાળું મકાન બાંધવાનું કોન્ટ્રાક્ટરને આપીએ તો તે પોતાનો નફો કાઢે. સારું મકાન થાય નહીં. જો વ્યક્તિગત ધોરણે કરાવીએ તો લોકો જાતે મજૂરી કરીને સારાં મકાન બનાવી શકે. કોન્ટ્રાક્ટરનો નફો બચે. વળી નીઝર તાલુકામાં લોકો દેશી નળિયાં જાતે બનાવીને પકવી લેતા. સુથારીકામ પણ ઘણા જાતે કરી લે. લીંપથાપની મજૂરી જાતે કરે. તો રૂ. ૬૫૦માં માત્ર તેમને લાકડું અને વાંસ લેવાનાં રહે. અને તેથી માલ સારો આવે. મકાન સારાં બને.

મેં જિલ્લા વિકાસ અધિકારી સાહેબ સાથે ચર્ચા કરી અને વ્યક્તિગત ધોરણે મકાનો બનાવવાની પરવાનગી મળી. કામો શરૂ કર્યાં. પ્રથમ જે ગામો ઉત્સાહી હતાં તેવાઓનો સંપર્ક સાધ્યો. તેઓને જાતે મકાન બનાવવા સંમત કર્યા . કાગળ ઉપર તેમની સંમતી મેળવી. માલ આવે, મકાન થોડું ઊભું થાય પછી પૈસા આપવાના, પરંતુ પ્રથમ માલ લાવે કેવી રીતે ? તેમની પાસે પૈસા ન હતા. અમે તેનો પણ ઉકેલ શોધ્યો કે ગામમાં જેટલા લાભાર્થી હોય તે થોડા પૈસા કાઢીને પ્રથમ ત્રણચાર વ્યક્તિઓ માટે માલ લાવે. તેના જે પૈસા ચૂકવીએ તેમાંથી બીજા માટે લાવે. તેમનાં મકાન ઊભાં થાય ને જે પૈસા મળે તેમાંથી બાકી રહેલાનો માલ લાવવો અને આમ સમૂહભાવનાથી, સહકારથી છેલ્લે બધાનાં મકાન થઈ જાય. લોકોને વાત ગમી અને તે પ્રમાણે લગભગ ૧૦૦ જેટલાં વ્યક્તિગત ધોરણે સારાં , ટકાઉ, સુંદર મકાનો થઈ શક્યાં. મોટે ભાગે ગામડાંઓમાં એકબીજાને મદદ કરવાની ભાવના છે જ. તેને પ્રોત્સાહિત જ કરવાની હતી.

રાયગઢ ગામ ઉકાઈ જળાશયમાં ડુબાણમાં જવાને કારણે નવી જગ્યાએ વસાવેલું. બદલામાં સરકારશ્રી તરફથી નવી વસાહતોમાં નિશાળ , મંદિર વગેરે તમામ જાહેર અસ્કામતો

પણ બનાવી આપી હતી. દરેક નવી વસાહતોમાં તેવી સગવડો ઊભી કરી આપી હતી ; પરંતુ માત્ર ચારપાંચ વર્ષમાં જ એ પુન:વસવાટખાતા તરફથી બનાવી આપેલ લગભગ બધાં જ ગામોએ નિશાળો, મંદિરો અને કૂવાઓનાં બાંધકામો પડી ગયાં હતાં. જે થોડાંઘણાં બાકી હતાં તે પડવાની તૈયારીમાં હતાં. આવાં સાવ ખરાબ બાંધકામો સામે લોકોએ ઘણી રજૂઆતો કરી પરંતુ નિષ્ફળતા મળી.

રાયગઢ ગામે પણ પુન:વસવાટ ખાતા તરફથી બાંધી આપવામાં આવેલ ચાર ઓરડાની શાળાનું મકાન જમીનદોસ્ત થઈ ગયું હતું. છેલ્લાં ચાર વર્ષથી ધો. ૭ સુધીની શાળાનાં બાળકોને બેસવાની કોઈ વ્યવસ્થા નહોતી. લોકોના ઓટલા ઉપર , શિક્ષકોના ઘરે બેસીને બાળકો ભણતાં. ગામ લોકો અને શિક્ષકો રજૂઆતો કરતા, પરંતુ પરિણામ શૂન્યમાં આવતું.

હું એ ગામે ગઈ ત્યારે મારી સમક્ષ પણ રજૂઆત થઈ. મારા મનમાં ગડમથલ શરૂ થઈ. કોઈ પણ સંજોગોમાં શાળાનું મકાન ઊભું થવું જ જોઈએ. મેં રસ્તો શોધવા માંડ્યો અને સ્થાનિક વિકાસ કાર્યક્રમ હેઠળ મળતી ગ્રાન્ટમાંથી મકાન ઊભું કરવાનું વિચાર્યું. સાથે એક વધારાનો ઓરડો પણ બનાવી આપવો. પણ ૫૦ % લોકફાળાનું શું ? ગામના આગેવાનોને ભેગા કર્યા. મેં કહ્યું, “મકાનો ઊભાં કરીએ પણ લોકફાળો ભેગો કરવો પડે. થોડી રકમ પંચાયત આપે , થોડી ઉઘરાવીએ. છો તૈયાર ?” આગેવાનો તૈયાર થયા. પ્લાન એસ્ટીમેટ મંજૂર થયા. કામ શરૂ કર્યું. સાથે સાથે ફાળો ઉઘરાવવાનું પણ ચાલું કર્યું. કેટલાક સારી આવક ધરાવતા લોકોએ રૂ. ૩૦૦ – ૪૦૦ જેવી રકમ પણ આપી; મજૂરોએ રૂ. ૫થી ૧૦ જેટલી નાની રકમ આપી. અને જૂનાં પડી ગયેલ મકાનનો માલસામાન કાટમાળ વાપરી ચાર ઓરડા તૈયાર કર્યા. આ ગામની નિશાળના મકાન માટેની રજૂઆત છેક ગાંધીનગર સુધી થઈ હતી. તેથી ત્યાંથી જોવા માટે આદિવાસી વિકાસના સચિવશ્રી રામગઢ આવ્યા. પરંતુ તે પહેલાં અમે લોકસહકારથી સરકારની થોડી ગ્રાન્ટ મેળવીને તૈયાર કરી લીધું હતું. સચિવશ્રીએ આવતાં જ મને સવાલ કર્યો , ‘નિશાળના મકાનની શું વ્યવસ્થા છે ?” મેં કહ્યું , “સાહેબ , અમે ઊભું કરી દીધું.” “કેવી રીતે ?” “સ્થાનિક વિકાસ કાર્યક્રમની ૫૦% રકમ અને બાકીનો ફાળો કરીને. મકાન તૈયાર છે ,” સચિવશ્રી જોવા ગયા. તેમને સંતોષ થયો. જેને માટે તેઓ ખાસ આવ્યા હતા તે પ્રશ્ન તો હલ થઈ ગયો હતો.

ગુર્જરપુર ગામમાં સતિપતિ પંથના લોકો વસે. તેઓ સરકારમાં માને નહીં. સરકાર એટલે પોતે જ. સરકારના વહીવટને , પ્રધાનોને , કોઈને માને નહિ. તેમના ગુરુ વ્યારા તાલુકામાં

આવેલ નાના ગામમાં રહે. આ પંથના લોકો બધા આદિવાસી જ. તેઓ જમીન મહેસૂલ કે ગ્રામ પંચાયતના કોઈ ટેક્ષ પણ ભરે નહીં. અધિકારી–કર્મચારીઓ તે માગી શકે નહીં. આ પંથના લોકો જ્યાં રહે છે ત્યાં બધે જ સરકારી લેણાં બાકી રહે. ગુર્જરપુરના આ પંથના લોકો પાસે પણ ઘણી મોટી રકમ બાકી પડે. તે વસૂલ નહીં આવે તો અમારી કામગીરી નબળી દેખાય અને સરકારને પણ નાણાકીય ખોટ જાય. મને એમની પાસેથી વસૂલાત લેવા માટે સમજાવવાનો વિચાર આવ્યો. જો સમજી જાય તો વસૂલાત કરીશું. પણ તેમની પાસે જવામાં શું વાંધો ?

મને એ ગામે જવા માટે બધાએ ના પાડી. જો તેઓ આપણી વાતથી ઉશ્કેરાઈ જાય તો મારું ખૂન પણ કરે. તેથી બધા તેમની પાસે જતાં બીએ. મને પણ ડર તો લાગતો હતો છતાં હિંમત કરી હું સાથી કર્મચારીઓ સાથે તે ગામે ગઈ. કર્મસંજોગે જીપ પણ ત્યાં જઈને બગડી ગઈ. તોફાન થાય તો નાસી છૂટવું પણ શક્ય ન હતું. શું કરવું , કેમ બોલવું ? વાત કેવી રીતે શરૂ કરવી ? બધા જ પ્રશ્નો હતા. ગામના એક આગેવાનને મેં બોલાવ્યા અને આડીઅવળી વાતો શરૂ કરી. શું કરો છો ? ખેતીમાં શું કામ ચાલે છે ? શું વાવ્યું છે ? નિશાળ કેવી ચાલે છે ? વગેરે. આમ તેમનામાં થોડો વિશ્વાસ જન્માવ્યો. પછી તેમની મારફત સતિપતિ પંથના આગેવાનને પણ બોલાવી મંગાવ્યા. તેઓ તેમની અનેક ભાષામાં લખેલી એક ચોપડી પણ લેતા આવ્યા હતા. મેં ધીરે રહીને તેમના ખબર અંતર પૂછીને , તેમને પણ આડીઅવળી વાતોએ ચઢાવ્યા. તેઓ જે પુસ્તક લાવ્યા હતા તે મને વાંચવા આપ્યું , જેમાં સરકાર વિરુદ્ધનું જુદીજુદી હિંદી , મરાઠી , ગુજરાતી તેમની બોલી વગેરેમાં લખાણ હતું. સાથે તેમના પંથના ગુરુની પ્રશંસા હતી કે સરકાર એટલે આપણા ગુરુ વગેરે. મેં તે પુસ્તક પણ લીધું , પાનાં ફેરવ્યાં. થોડું વાંચવાનો ડોળ પણ કર્યો અને તેમના લખાણમાં હા એ હા કરી જેથી હું પણ તેમના પૈકીની છું તેવો વિશ્વાસ એમને મારામાં બેસે. હજી મૂળ વાત જમીન મહેસૂલની કરવાની હતી. તેમને વિશ્વાસમાં લીધા બાદ તેમના ખેતીના ધંધામાં પૂરું થતું નથી તેથી પૂરક ધંધા કરવા અને તેને માટે સબસીડી વગેરેની વાત કરી. ‘સરકાર’ શબ્દ વાપરું તો ઉશ્કેરાઈ જાય , તેથી અમે તમને મદદ કરીશું એવું કહ્યું. તેમની છોકરીઓને સીવણવર્ગમાં દાખલ કરવા જણાવ્યું. પછી મશીન વગેરે આપવાનું પણ કહ્યું. તેવામાં એક બહેન બોલ્યાં કે “તમે બૅંક લોન આપવાનું કહો છો પણ બૅંકવાળા તો આપતા નથી. હું બળદ લેવા માટે લોન લેવા ગઈ હતી તો મને લોન આપી નહીં.” મેં કહ્યું. “બૅંકવાળાએ શું કહ્યું ?” તે કહે કે “પહેલાં લોન લીધી હતી તે ભરો , તો બીજી આપીએ. તે કાંઈ પૈસા પાછા

આપવાના હોય ?" મેં પૂછ્યું, "તમે પહેલાં બૅંક પાસેથી પૈસા લીધા હતા ?" "હા, લીધા હતા." "તેમાંથી કેટલા ભર્યા ?" "મેં તો ભર્યા જ નથી. ભરવાના પણ નથી."

મેં સમજાવ્યું , "જુઓ બહેન, આપણે કોઈ પાસે ઉછીના લઈએ તો આપવા પડે ને ? આ તો તમે બૅંક પાસેથી ઉછીના લાવ્યા ગણાય. તે ભરી દો એટલે હું બીજા વધુ પૈસા અપાવીશ. અને તેની ઉપર સબસીડી મળશે એટલે તમે રૂ . ૨૦૦૦ લો તો તમારા વતી રૂ. ૧૦૦૦ તમારે ભરવાના. સારી યોજના છે ને ?" પેલાં બહેનને મારી વાત સમજાઈ. તે પૈસા ભરી દેવા તૈયાર થયાં. હવે હું મૂળ મુદ્દા જમીન મહેસૂલ ઉપર જવા માગતી હતી.

મારી વાતો સાંભળી તેમના આગેવાનને કાંઈક વિશ્વાસ બેઠો. પણ જમીન મહેસૂલ ભરવા તો તે સંમત થયા જ નહીં. મેં બહુ સમજાવ્યા ત્યારે કહે "સારું, અમે વિચારશું."

મને થયું , બધી મહેનત પાણીમાં ગઈ ; પરંતુ અઠવાડિયા બાદ મને તેમના જમીન મહેસૂલના ૭૫% જેટલી રકમ સ્ટેમ્પ પેપર ઉપર રૂ. ૧ , ૨ , ૫ , ૧૦ વગેરેની ચલણી નોટો ચોંટાડીને રજિસ્ટર પોસ્ટથી મળી. હું નવાઈ પામી. આ કેવું ? જેઓ કોઈનું માનતા નથી , સમજતા નથી. સરકાર કોણ ? હું જ સરકાર , એવું કહે છે તેમના પૈસા ભરાઈ ગયા. મારા પ્રયત્નોમાં હું સંપૂર્ણ સફળ થઈ હતી.

એક ગ્રામ પંચાયતના સરપંચશ્રીએ મોટી રકમની ઉચાપત અને બીજી તેટલી જ રકમનાં બાંધકામોના ગોટાળા કર્યા હતા. ગામલોકો તરફથી અરજી થતાં વિકાસ કમિશનર સાહેબની રૂએ તપાસ મારે કરવી પડી. મેં ખૂબ તટસ્થતાથી તપાસ કરી રિપોર્ટ તૈયાર કર્યો. જિલ્લા વિકાસ અધિકારી સાહેબને મોકલી આપ્યો. સરપંચશ્રીએ વ્યાજ સહિત રૂ. ૨૨૦૦૦ ભરી દીધા. ગુનો સાબિત થઈ ગયો. હવે તેમની સામે પોલીસ કેસ કરવાનો હતો. હું ધર્મસંકટમાં મુકાઈ. પોલીસ કેસ નહીં કરવા મારા પર સખત રાજકીય દબાણો આવ્યાં. બધા જ મને પોલીસ કેસ પડતો મૂકવા દબાણ કરતા હતા. પરંતુ ઉચાપત ઘણી મોટી રકમની હતી. સરપંચશ્રીએ જાતે તે કબૂલ કર્યું હતું અને સરકારી વકીલે પોલીસ કેસ કરવાની સલાહ આપી હતી. ઉપરી કચેરીના અધિકારીઓએ પોલીસ કેસ કરવા મને લેખિત હુકમ કર્યો હતો.

## બદલી માગી !

એક બાજુ રાજકીય સખત દબાણ હતું. કેસ કરું તો તેમના રોષના ભોગ બનવું પડે. કેસ ના કરું તો ફરજ ચુકાય, ગુનો ગણાય અને મારે સજા ભોગવવી પડે. મને દંડ થાય . દંડ કરતાં પણ ફરજ મહત્ત્વની હતી. મેં પોલીસ કેસ કર્યો અને મારે રાજકીય પક્ષનો ખોફ વહોરવો પડ્યો. તેમના તરફથી સહન કરવું પડ્યું. આ પ્રસંગથી હું ખૂબ જ હતાશ થઈ ગઈ જોકે તાલુકાની સમગ્ર પ્રજા મને ચાહતી હતી. તેમનાં કામો મેં કર્યાં હતાં. લોકચાહના મેળવી હતી; પરંતુ સતત સંઘર્ષમય નોકરીથી હું થાકી ગઈ હતી તેથી મેં જાતે જ વિકાસ કમિશનર સાહેબ પાસે જઈ મુલાકાત માગી, બદલી કરાવી લીધી.

મારી બદલી મેં જાતે માગી હતી. પરંતુ વિકાસ કમિશનર સાહેબે બીજા એવા જ ખરાબ અને અટપટા , ગૂંચવાયેલા પ્રશ્નોવાળા તાલુકામાં મૂકી. એવું કહીને કે “મિસ ચૌધરી , તમે ગુજરાતના સૌથી ખરાબ તાલુકામાં સારું કામ એક વર્ષમાં કર્યું છે. તેથી તેવો જ બીજો તાલુકો તમને આપું છું. આશા છે તમે ત્યાં પણ સારું કામ કરશો. સાહેબની આજ્ઞા અને ઇચ્છા. જે આપ્યું તે સ્વીકારી લીધું. જોકે લોકો અને જિલ્લા પંચાયતના અધિકારીઓ મને છોડવા તૈયાર ન હતા. પણ પ્રમુખશ્રીના માનસિક ત્રાસથી હું કંટાળી હતી તેથી બદલીના સ્થળે હાજર થઈ ગઈ. મારા કામની કદરરૂપે ફરી મને પ્રતિકૂળ સંજોગોવાળા તાલુકામાં મૂકી હતી. ત્યાં હાજર થતાં જ આખી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. જોકે પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી સાથે જ ગઈ હતી.

ઘોઘા નાનો તાલુકો. આર્થિક રીતે પછાત. તાલુકા મથકેથી તાલુકાનાં ગામડાંઓ સાથે કોઈ સીધો વાહનવ્યવહાર નહીં. ભાવનગર થઈને જ જવું પડે. દરિયાકિનારાની સુંદરતા ખરી , પરંતુ જીવન જરૂરિયાત માટેની કોઈ સગવડો નહીં. તાલુકા પંચાયતનું સ્વભંડોળ ખાધમાં ચાલે , છતાં પેટ્રોલ, નાસ્તાપાણીના બેફામ ખર્ચા કરે. વધુ ખર્ચ પેટ્રોલ જીપનો હતો. ૧૫ વર્ષથી જીપ ભાવનગર જ રહે. અધિકારીઓને જરૂર પડે તો ભાવનગર સુધી બસમાં જવાનું , ત્યાંથી શક્ય હોય તો જીપ મળે નહીં તો બસમાં પ્રવાસ કરો. પ્રથમ કડવો અનુભવ થયો. મારે ગામડે જવાનું હતું. ડ્રાઇવરને જીપ માટે જણાવતાં કહે “તમારે ભાવનગર સુધી બસમાં આવવાનું. જીપ અહીં નહીં આવે.” હું સાંભળી રહી. પૂછ્યું : “શા માટે મારે ભાવનગર આવવાનું ?” કહે, “અહીં એમ જ

ચાલે છે વર્ષોથી." મેં કહ્યું મારે જીપ અહીં જ જોઈશે. મુખ્ય મથક ઘોઘા છે , ભાવનગર નહીં. મેં તાલુકા પ્રમુખશ્રીને ફોનથી વાત કરી. તેમણે જીપ મોકલી પરંતુ ડ્રાઇવરનું મન કચવાતું હતું.

એક દિવસ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો ઘોઘા અને ગામડાંનો પ્રવાસ હતો. મારે સ્વાભાવિક તાલુકા પંચાયતની જીપની જરૂર પડે. ઉપરી અધિકારીશ્રીઓ સાથે તેમના વાહનમાં પ્રવાસ કરવો અવિનય ગણાય. મેં આગલે દિવસે સાંજે જીપ મંગાવી. જીપ આવી નહીં. બીજે દિવસે જિલ્લા વિકાસ અધિકારી સાહેબના આવી ગયા પછી અડધો પ્રવાસ પૂરો થયો ત્યાં સુધી જીપ આવી નહીં. સાહેબને ઘોઘાની જીપ બાબતની આ સ્થિતિનો પહેલેથી ખ્યાલ હતો , તેથી મને તેમના વાહનમાં સાથે લઈ ગયા. અડધો પ્રવાસ થયા બાદ જીપ આવી પણ ડ્રાઇવર બીજા હતા, ખાનગી માણસ. મેં તેમની દરકાર કરી નહીં પરંતુ ફરીથી બેત્રણ વાર આવું બન્યું. ઉપરાંત તે આખો મહિનો મેં અથવા કચેરીના અન્ય કર્મચારીઓએ જીપનો ખાસ ઉપયોગ કરેલ નહીં હોવા છતાં માસિક પેટ્રોલખર્ચ રૂ. ૨૫૦૦ જેવો થયો હતો. સરકારી ગ્રાન્ટ રૂ. ૩૫૦ મળે – બાકીનો ખર્ચ રૂ. ૨૨૦૦ જેવો માસિક સ્વભંડોળમાં પડે. એ વખતે પેટ્રોલ ઉધાર લેવામાં આવતું. પ્રથમ મહિને મને ડ્રાઈવર બાબત બહુ પરિચય નહીં તેથી સ્લિપમાં તે પેટ્રોલ લખે , હું સહી કરી આપું. પરંતુ બિલ આવતાં મેં જોયું તો જ્યાં ૧૦ લિટરની સ્લિપ પર મારી સહી કરાવેલ ત્યાં ૨૦ લિટર, ૧૫ની જગ્યાએ ૨૫ એવી રીતે સ્લિપોમાં ફેરફાર થઈ ગયા હતા. ઑઈલનું પણ એવું જ જેથી જેટલું પેટ્રોલ–ઑઈલ લીધેલ તેના કરતાં વધારે બીલ આવતું.

મને ડ્રાઈવરના કારસ્તાનનો ખ્યાલ આવી ગયો – પેટ્રોલચોરી. અને બીજા મહિનાથી પેટ્રોલ લેવાની પદ્ધતિ બદલી નાખી. ઉધાર લેવાનું બંધ કર્યું. તાલુકા વિકાસ અધિકારીની ગેરહાજરીમાં બીજા કોઈને પેટ્રોલ આપવું નહીં તેવું લખાણ પંપના માલિકને આપી દીધું. સરકારની માસિક મર્યાદા રૂ. ૩૫૦ કરતાં વધુ ખર્ચ નહીં કરવા તથા કર્મચારીઓ પોતે જીપનો ઉપયોગ કરે તો જ લોગબુકમાં સહી કરવાના આદેશો આપ્યા. તેમ છતાં ગમે તે બહાને જીપને આડીઅવળી લઈ જઈને પણ ડ્રાઈવર પેટ્રોલ કાઢી લે. છેવટે મારે તેની બદલી કરાવી દેવી પડી. જીપની ચાવી મેં લઈ લીધી , તો તેણે જિલ્લા પ્રમુખને ફરિયાદ કરી. પ્રમુખશ્રીએ મને બોલાવી કહ્યું, "તાલુકા વિકાસ અધિકારીને જીપની ચાવી રાખવાનો શો અધિકાર છે ? ચાવી ડ્રાઈવરને આપી દો." મેં કહ્યું , "એ મારાથી નહીં થાય. સરકારી નિયમ છે. છતાં તમે મને એવું

લેખિત આપો તો હું ચાવી આપી દઈશ." પ્રમુખશ્રી નિયમો જાણતા હતા. ચાવી મારી પાસે જ રહી.

આ વિસ્તારના ખાસ કરીના દરબારી સમાજમાં આર્થિક સ્થિતિ ખૂબ નબળી જોવા મળી. કેટલાકની સ્થિતિ તો આદિવાસીઓ કરતાં પણ ખરાબ. માંડ ગાડું ગબડાવે. બે કારણો ગણી શકાય : (૧) ભણતરનું પ્રમાણ નહીવત્ (૨) પુરુષો જાતે ખેતીકામ કરે નહીં અને સ્ત્રીઓથી ઘર બહાર નીકળી શકાય નહીં. આવા નબળી સ્થિતિના લોકો માટે કોઈક યોજના અમે વિચારતાં હતાં.

તે દરમ્યાન ભાવનગર ગાંધિસ્મૃતિ સંસ્થા તરફથી ભીકડા ગામ જે દરબારી વસ્તી ધરાવતું અને ખૂબ પછાત છે ત્યાં બહેનો અંબર કાંતીને રોજી કમાતી હતી. તેની મેં મુલાકાત લીધી. બાકીની બહેનોને પણ તાલીમ આપી અંબર સબસીડીમાં આપીને રોજી આપી શકાય તેવી શક્યતા જણાઈ. મેં તાલીમવર્ગની મંજૂરી મેળવી. વિકાસ કમિશનર સાહેબના હાથે ઉદઘાટનનું નક્કી કર્યું.

ભીકડા ગામ તાલુકામાં સૌથી પછાત. તેની લોકોમાં અને અધિકારીઓમાં પણ એવી છાપ કે દારૂડિયું ગામ. એકલા જવાય નહીં. ખૂન–મારામારી થઈ જાય. તેથી આ ગામે જવા માટે મને પણ ના પાડવામાં આવી હતી , તેની ચિંતા કર્યા વિના એક દિવસ વાળુકડ ગામના એક કર્મચારી સાથે રાજદૂત ઉપર ગઈ. બહેનોને અને લોકોને મળી. તાલીમવર્ગની શક્યતા જોઈ. બહેનોની કેવી ઇચ્છા છે તે જાણ્યું અને વાળુકડ પાછી આવી ત્યારે ત્યાંના જમાદાર હું ભીકડા ગઈ છું તેની ખબર થતાં મારી રાહ જોઈને ઊભા હતા. આવતાં જ મને કહે, "બહેન, તમે ભીકડા એકલાં ગયાં હતાં ? અમને જણાવવું હતું ને ? અમે સાથે આવત. ત્યાં એકલાં જવાય નહીં – અને ત્યાં વર્ગ ચલાવવાનાં છો ? કોઈ સાહેબ આવવાના છે ? અમને અગાઉથી જાણ કરીને પોલીસ બંદોબસ્તની માગણી કરી લેજો. એ તો તોફાની ગામ છે. તોફાન થાય તો તમે બધાં મુશ્કેલીમાં મુકાઈ જાઓ. મેં જમાદારને કહ્યું "ભાઈ , ચિંતા ન કરતા. અમે તો લોકોથી ટેવાયેલાં છીએ. લોકો તેમના ફાયદાનું કામ હોય તો શું કામ તોફાન કરે ? પોલીસ બંદોબસ્તની જરૂર અમને નથી જણાતી. આખરે તો એ બધા પણ આપણા જેવા માનવી છે."

તાલીમવર્ગ છ માસનો હતો. દરબાર સમાજની બહેનો માટે ઘરમાં બેઠાં રોજી કમાવા માટેની સારી યોજના હતી. તેમની સામાજિક રૂઢિ પણ સચવાય અને થોડોક આર્થિક સધિયારો પણ કુટુંબને મળે. મને જાણવા મળેલું કે આ ગામનાં કેટલાંક કુટુંબોનો આધાર આ અંબર જ હતો. બહેનો અંબર મારફત રોજી મેળવે તેમાંથી જ કુટુંબનું ભરણપોષણ થતું.

નક્કી તારીખે જાન્યુ. ૩૦ – ગાંધીનિર્વાણદિને ભીકડા ગામે બહેનોના અંબર તાલીમ વર્ગનું અમે ઉદઘાટન કર્યું. ગામમાં આનંદ હતો , ઉલ્લાસ હતો. લોકોએ વાજતેગાજતે ગુજરાત રાજ્યના વિકાસ કમિશનર સાહેબનું સ્વાગત કર્યું હતું. કોણ કહે ગામ ખરાબ છે ?

આ જોઈને 'અવાણિયા' ગામે બહેનોનો આવો જ બીજો અંબર તાલીમવર્ગ શરૂ કર્યો.

આ વિસ્તારમાં બે ત્રણ ગામોમાં સિંચાઈની સગવડ હતી. ખેડૂતો પાણી લઈને ઘઉં પકવે. તેઓ પૈકી લગભગ મોટા ભાગના ખેડૂતોએ છેલ્લાં ૮ –૧૦ વર્ષથી પાણીના પૈસા ભર્યા ન હતા. સરકારના નિયમો પ્રમાણે તો દર વર્ષે તેઓની વસૂલાત આવી જાય અને તે બદલનો તલાટી દાખલો આપે પછી જ નવા વર્ષ માટેની પાણીની અરજી સિંચાઈખાતું મંજૂર કરે અને પાણી આપે. પરંતુ એ ગામમાં છેલ્લાં ૮ –૧૦ વર્ષથી તલાટી વસૂલાત આવ્યા વિના જ દાખલા આપી દેતા જેથી ખૂબ મોટી રકમ ખેડૂતો પાસે લહેણી થતી હતી. વસૂલાત તાલુકા પંચાયતે કરવાની. તે વર્ષે ત્યાં તલાટી બદલાયા હતા. નવું પાણી લેવા લોકોએ અરજી ઉપર દાખલો લખી આપવા તલાટીને જણાવ્યું. તલાટીએ જ્યાં સુધી લહેણી બાકી રકમ ભરાય નહીં ત્યાં સુધી ખોટા દાખલા આપવાની ના પાડી અને મને પણ વાત કરી. મેં પણ જેના પૈસા ભરાય તેને જ સાચા દાખલા આપવાની સૂચના આપી. ગામલોકોનું પ્રતિનિધિમંડળ મારી પાસે આવ્યું. કહે , તમે અમને દાખલા અપાવો. મેં ના પાડી. કહ્યું, પૈસા ભરો તો દાખલા મળશે. ખોટા દાખલા આપવા માટે હું તલાટીને સલાહ નહીં આપું. ખોટું હું નહીં કરું , તલાટી પણ નહીં કરે. પહેલાં બાકી બધા જ પૈસા ભરી દો. અમે નમતું આપ્યું નહીં. અમારી ઉપર રાબેતા મુજબ પુષ્કળ રાજકીય દબાણ અને ધમકીઓ આવવા લાગી , પણ હું અને તલાટી બંને મક્કમ હતાં. લોકો પૈસા ભર્યા વિના ખોટા દાખલા માગે છે તેનો રેકર્ડ ઉપર આધાર હતો. તેથી અમે ગભરાયાં નહીં. છેવટે ખેડૂતો સમજી ગયા અને પૈસા ભરી દીધા. તેમને દાખલા પણ આપી દીધા. જેમણે પૈસા ભર્યા નહીં તેમને દાખલા મળ્યા નહીં. મારી તેમ જ તલાટીની ફરજ સરકારી લહેણું વસૂલ કરવાની હતી. ખોટા દાખલા આપીને તેને જતું કરવાની નહીં.

## પ્રગતિશીલ વિસ્તારમાં બદલી માગી

હવે મને કોઈક સારા પ્રગતિશીલ વિસ્તારમાં કામ કરી અનુભવ લેવાની ઇચ્છા હતી. ફરીથી ગાંધીનગર પહોંચી. "સાહેબ , ઘણા વરસ પછાત વિસ્તારમાં કામ કર્યું. હવે મને કોઈક પ્રગતિશીલ વિસ્તારમાં મૂકો." "ક્યાં જવું છે ? મેં કહ્યું, "વડોદરા કે ભરૂચ જિલ્લામાં મૂકો તો જ જવું છે. તે સિવાય બીજે જવું નથી." અંકલેશ્વર ખાલી જગ્યા પર મારી બદલીનો હુકમ થયો. તા. ૩૦ –૭ –૮૦ સવારે ૧૧–૦ કલાકે મેં ચાર્જ લીધો. સી.ટી.સી. ઉપર ચાર્જ લેવડદેવડની સહીઓ થઈ. મેં કામ શરૂ કરી દીધું. પરંતુ અહીં પણ મારી સામે કસોટી ઊભી હતી. બપોરે ૧ –૩૦ વાગે જિલ્લા વિકાસ અધિકારી સાહેબે ફોનથી મને જણાવ્યું કે "તમારે ચાર્જ લેવાનો નથી."

"પણ સાહેબ, મેં ચાર્જ લઈ લીધો છે. સી.ટી.સી ઉપર સહીઓ થઈ ગઈ. તે રવાના થઈ ગયા અને મેં કામગીરી સવારથી શરૂ કરી દીધી છે. હવે મારે શું કરવાનું છે ?" સાહેબ કહે, "તમે ગાંધીનગર જઈ વિકાસ કમિશનર સાહેબને મળો."

તે જ દિવસે બપોરે ૨ –૦ વાગે તાલુકા પંચાયત કારોબારી સમિતિની મિટિંગ હતી. મેં મિટિંગ ચલાવી અને સભ્યશ્રીઓને કહ્યું , "હું અત્યારે મિટિંગ તો ચલાવું છું પરંતુ મારે અહીંથી જવુ પડશે તેવું લાગે છે. મને અત્યારે જિલ્લા વિકાસ અધિકારી સાહેબ તરફથી ફોન ઉપર સમાચાર મળ્યા છે." સભ્યો કહે, "આવું કેમ થયું ? તમારે જ અહીં રહેવાનું છે."

હું સાંજે જિલ્લા પ્રમુખશ્રી રત્નસિંહ મહીડાને મળી. તેઓ કહે, "આવું કેમ થયું તે મને પણ સમજાતું નથી. છતાં તું કાલે ગાંધીનગર જઈ આવ. હું પણ ફોન કરીશ. તારે અંકલેશ્વર જ રહેવાનું."

બીજા દિવસે હું ગાંધીનગર ગઈ. વિકાસ કમિશનર સાહેબને મળી. તેઓ કહે , "એક માનનીય મંત્રીશ્રીએ તમને અંકલેશ્વર હાજર નહીં કરવા જણાવ્યું છે. " "પણ સાહેબ, મેં ત્યાં ચાર્જ લઈ લીધો છે. એક દિવસ નોકરી પણ કરી છે. હવે મારે ક્યાં જવાનું છે ? આપ લેખિત હુકમ આપો પછી ત્યાંનો ચાર્જ છોડીશ." સાહેબ કહે , "તમે ચાર્જ લઈ લીધો હોય તો બીજો હુકમ ન થાય ત્યાં સુધી અંકલેશ્વર કામ કરો."

મને અંકલેશ્વર ચાર્જ લેવાની કોણે ના પાડી તે વિષે નજીકના સંબંધી એવા બીજા કોઈક પાસેથી જાણવા મળ્યું કે સુરત જિલ્લાના એક નેતાશ્રીએ મને અંકલેશ્વર નહીં હાજર કરવા જણાવેલ હતું તેથી આમ બન્યું હતું.

અત્રે, અગાઉ બનેલ પ્રસંગની યાદ આપીશ કે ત્યાંના એક સરપંચશ્રી ઉપર ઉચાપત બાબત મેં રાજકીય નેતાઓનાં સખત દબાણ છતાં ફરજ ખાતર પોલીસકેસ કર્યો હતો તેના અનુસંધાને મને અહીં પણ હાજર નહીં કરવા એ માનનીય નેતાશ્રીએ સલાહ આપી હશે.

અંકલેશ્વર એટલે મોટો ઔદ્યોગિક વિસ્તાર. ભારતનું સૌથી મોટું તેલ અને કુદરતી ગૅસનું ક્ષેત્ર. નર્મદાકાંઠાનો ફળદ્રુપ સમુદ્ધ ખેતીવિસ્તાર. અહીંનો ઔદ્યોગિક વિકાસ હજી ચાલુ જ છે. તેથી સમજી શકાય એવી બાબત છે કે અહીં સરકારી અધિકારીઓ માટે કમાવાના ખૂબ ચાન્સ. તેથી જ અંકલેશ્વર છોડવા અન્ય અધિકારીઓ તૈયાર નથી હોતા.

શરૂઆતમાં લોકોએ મારા વિષે પણ આવું જ ધારેલું; પરંતુ હું કોઈનો હરામનો પૈસો લેતી નથી તે એકાદ મહિનામાં જ સૌને ખબર પડી ગઈ. અહીં ખાસ કરીને એન. એ. (ખેતીની જમીન બિનખેતીના ઉપયોગ માટે પરવાનગી આપવાનું કામ)નું કામ તાલુકા પંચાયત પાસે હોવાથી તે કામમાં આવા ઘણા ગોટાળા ચાલે.

આટલી મોટી ઔદ્યોગિક વસાહત , એટલે સ્વાભાવિક રીતે જ આ કામગીરી ખૂબ મોટા પ્રમાણમાં ચાલે. એન. એ. કરાવનારા ઉદ્યોગપતિઓ લાખોપતિ હોય. સ્વભાવિક રીતે કર્મચારીઓ તેમની પાસેથી અપેક્ષા રાખે જ.

પણ આ કામ માટે હું ક્યારેય કોઈ પાસે વસ્તુ કે પૈસા લઉં નહીં. સામેથી ઑફરો આવે. હું તેને ફગાવી દઉં. મારી નીતિ હતી કે લાખોપતિઓ ભલે હોય , કામ કરવાની મારી ફરજના મહેનતાણા પેટે સરકાર મને પગાર આપે છે. પછી વધારાના હરામના પૈસા લેવાય કેમ ? અને એકાદ માસના ટૂંકા ગાળામાં જ મારી સારી છાપ ઊભી થઈ. જે ઉદ્યોગપતિઓ પોતાના કામ માટે કચેરીમાં આવે તે સારી છાપ લઈને જતા. જ્યાં અન્ય અધિકારીઓ પૈસા ક્યાંથી આવે તે શોધતા હોય, ઘણી વાર નાના કર્મચારીઓનાં ભથ્થાં બીલ વગેરેમાંથી પણ રકમો પડાવતા હોય, ત્યાં મારી નીતિ તેનાથી જુદી હતી.

જોકે મારે આ નહીં લેવાની નીતિ માટે પણ સહન કરવું પડ્યું. બધા કહે , "હવે તો લાંચ લે તે જ સારા , નહીં લે તે ખરાબ તેવી હવા છે." એટલે મારી કચેરીના કેટલાક કર્મચારીઓને મારી નહીં લેવાની નીતિ પસંદ ન હતી ; કારણ તેઓ આડેધડ લોકો પાસેથી પૈસા પડાવે. તેથી ઘણી વાર અરજદારો સીધા મારી પાસે આવે. હું કર્મચારીઓને તુરત બોલાવી , લોકોને ખોટા ધક્કા નહીં ખવડાવવા , અને કામ કરી આપવાની સૂચના આપું. તેથી વગર વળતરે તેમણે તુરત કરી આપવું પડે. એના બદલારૂપે મને બદનામ કરવા માટે લોકો પાસેથી સાહેબને પણ પૈસા આપવાના છે, તેમ કહીને ઉઘરાણી કરી લાવે, જેથી લોકોમાં પણ ખરાબ છાપ ઊભી થાય.

આવું એકબે વખત બન્યું. મને ખબર પડી ત્યારે મેં કચેરીના તમામ કર્મચારીઓની મિટિંગ બોલાવી. જાહેરમાં સૂચના આપી કે કર્મચારીઓએ મારા નામે કોઈ પાસેથી પૈસા ઉઘરાવીને પોતાના ખિસ્સામાં મૂકવા નહીં. એકબે વાર જાહેરમાં આવી સૂચના આપવાથી કર્મચારીઓ સમજી ગયા કે આ સાહેબને બદનામ કરવા યોગ્ય નથી.

જુલાઈ ૩૦ , ૧૯૮૦ના અંકલેશ્વર હાજર થઈ. તે વખતે સ્થાનિક વિકાસ કાર્યક્રમની યોજના ચાલુ હતી. નાણાકીય વર્ષના ચાર માસ પસાર થઈ ગયા હતા. હવે માત્ર ૮ માસ બાકી હતા. હજી કાર્યક્રમનું આયોજન પણ થયું નહોતું અને વર્ષાંતે તમામ લક્ષ્યાંકો પૂર્ણ કરવાનાં હતાં. તેથી મેં દરેક ગ્રામપંચાયતને સ્થાનિક વિકાસનાં કામોની સંપૂર્ણ માહિતી આપતો સરક્યુલર મોકલ્યો અને જેને યોજનાનો લાભ લેવો હોય તેમણે પંચાયતના ઠરાવ સાથે દરખાસ્તો મોકલવા જણાવ્યું. ચાલુ નાણાકીય વર્ષમાં ૧લાખ રૂપિયા સરકારી ગ્રાન્ટ અને ૧ લાખ રૂપિયા લોકફાળાના મળી ૨ લાખ રૂપિયાનાં કામો કરવાનાં હતાં. તેની સામે લોકો તરફથી રૂ. ૧૦ લાખનાં કામોની માગણીઓ આવી. મોટાભાગના શાળાના ઓરડાઓ , પીવાનાં પાણીનાં કામો, રસ્તાઓ વગેરે હતાં, જે જરૂરી પણ ખરાં. હવે ના કોને પાડવી ? તેથી આવેલ દરખાસ્તો મુજબ તમામ કામોના એસ્ટીમેટ તૈયાર કરાવી મંજૂરી મેળવી અને આઠ લાખ રૂપિયાનાં કામો શરૂ કરાવી દીધાં, પૈસાની ચિતા કર્યા વિના. લોકફાળાની રકમ તો હતી જ , તેથી સરકારી ગ્રાન્ટનો જ પ્રશ્ન હતો. પણ આવતા વર્ષની ગ્રાન્ટમાંથી પૂરાં કરવાની ગણતરીથી તે શરૂ કરી દીધાં.

છેલ્લે વર્ષ આખરે વધારાની રૂ. ૧ ,૪૦,૦૦૦ની સરકારી ગ્રાન્ટ મળી. તેથી બાકીનાં કામોની રકમ બીજે વર્ષે મેળવીને પૂરાં કર્યાં.

## ગુજરાતભરમાં શ્રેષ્ઠ કામગીરીનો એવૉર્ડ અને તામ્રપત્ર

આ વર્ષમાં એક સારું કામ કર્યું – અને તે કુટુંબ નિયોજનનું. અંકલેશ્વર તાલુકામાં આ કામ સારું થઈ શકે તેવો ખ્યાલ મને આવી ગયો હતો. ચાલુ વર્ષે ગુજરાતભરમાં આ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરવાનો નિરધાર કર્યો. તેને માટે આ કામ કરતા કર્મચારીઓને વિશ્વાસમાં લેવા માટે પ્રથમ મારા આવતાં પહેલાંના જે વણઊકલ્યા પ્રશ્નો હતા તે તમામનો એક જ માસમાં નિકાલ કર્યો જેથી તેઓને મારામાં વિશ્વાસ બેઠો. એટલે તેમની મિટિંગમાં જઈ કુટુંબનિયોજન ક્ષેત્રે ચાલુ વર્ષે ગુજરાતમાં શ્રેષ્ઠ કામ કરીને પ્રથમ ઈનામ લેવા માટેની દરખાસ્ત રજૂ કરી. સૌએ એકી અવાજે તે વધાવી લીધી. અને વર્ષ આખરે ગુજરાતભરમાં શ્રેષ્ઠ કામગીરી બદલ અમે પ્રથમ નંબર મેળવી ઇનામ રૂ. ૩૦ ,૦૦૦ મેળવ્યા. મને પણ તાલુકા વિકાસ અધિકારીની શ્રેષ્ઠ કામગીરી બદલ તામ્રપત્ર મળ્યું.

આ કામને સફળ બનાવવા અને તાલુકાને શ્રેષ્ઠ કામગીરીનો યશ અપાવવાના પ્રયત્નો ચાલુ હતા. તેવામાં વળી એક નાના પ્રસંગે મારે અહીં પણ સંઘર્ષમાં ઊતરવું પડ્યું. આ તાલુકા પંચાયતનો એક મોટો હૉલ છે. બહારની પાર્ટીને નાટકો વગેરે માટે ભાડેથી આપીએ અને કુટુંબ નિયોજનના કૅમ્પ હોય ત્યારે ઑપરેશન પણ આમાં જ થાય. ત્યાં જ હૉસ્પિટલ બનાવી દઈએ.

એવી રીતે એક વખત ઑપરેશન કૅમ્પ યોજવાનો હતો. પણ વચ્ચે માત્ર પાંચ દિવસ તે પણ ખાલી હતો. એટલે એક જાદુગરને હૉલ તા. ૧૮મીની રાત્રે ખાલી કરવાની લેખિત બાંહેધરી લઈને આપ્યો. પણ તેના ખેલ સારા ચાલ્યા અને આવક સારી થવા લાગી. એટલે તેની દાનત બગડી. હૉલ ખાલી કરવાની તેની ઇચ્છા નહીં. તેણે મને પૂછ્યું તો મેં તા. ૧૮મી રાત્રે હૉલ ખાલી કરવો જ પડશે તેવું કહ્યું. તેણે પ્રમુખશ્રી પાસેથી ખેલ ચાલુ રાખવાની મંજૂરી મેળવી લીધી. ઑપરેશન કૅમ્પને દિવસે સવારે પટાવાળાએ મને સમાચાર આપ્યા કે જાદુગરે હૉલ ખાલી કરેલ નથી. તે જવાનો નથી . પ્રમુખશ્રીએ તેને ખેલ ચાલુ રાખવા જણાવેલ છે. એક બાજુ રાષ્ટ્રીય કાર્યક્રમ, ઑપરેશન માટે નાનાં બાળકો સાથે બહેનો આવી ગયાં હતાં પણ હૉલ ખાલી ન હતો. અમે મુશ્કેલીમાં મુકાઈ ગયાં. હું ત્યાં ગઈ , જાદુગર ઊંઘતો હતો. મેં તેને જગાડ્યો અને ચાલ્યા જવાની સૂચના આપી. પણ તે પ્રમુખ પાસે ગયો. પ્રમુખશ્રીએ ફોન દ્વારા જ જાદુગરને બદલે મને ઠપકો આપ્યો. કહે, "જાદુગર રહેશે. તમે રાષ્ટ્રીય કામગીરી માટે બીજે વ્યવસ્થા કરો." ૫૦ બહેનો હતી. ૭ દિવસ રાખવાનાં , શું કરવું ? મેં કહ્યું, "હું હૉલ ખાલી કરાવીશ જ. જાદુગરે

તા. ૧૮મીએ ખાલી કરવાના લેખિત કરાર કર્યા છે. તેણે જવું જ જોઈશે.” મેં તુરત જ જિલ્લા પ્રમુખશ્રીને અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને જાણ કરી. સાથે સાથે પોલીસપાર્ટી બોલાવી. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીએ પણ જાદુગરને મોકલી દેવાની અને કૅમ્પ માટે હૉલની વ્યવસ્થા કરી આપવાની સૂચના આપી. છેવટે પોલીસપાર્ટી પાસે જાદુગરને કાઢી મુકાવ્યો અને હૉલ ખાલી કરાવ્યો. ઑપરેશન કૅમ્પ ચાલુ રહ્યો.

હું અહીં હાજર થઈ ત્યારે તગાવીની રકમ ઉપરાંત જમીન મહેસૂલ અને શિક્ષણ ઉપકરની રકમ પણ છેલ્લાં ૧૦ વર્ષની બાકી હતી. જમીન મહેસૂલ ૩૭ લાખ અને શિક્ષણ ઉપકર લગભગ ૧૦ લાખ.

એટલે વસૂલાત માટે મારે થોડું કડક વલણ લેવું પડ્યું. જપ્તીઓ પણ કરી , કારણ કે લોકો સહેલાઈથી પૈસા ન આપે તો જપ્તીઓ કરવાના આદેશો અમને સરકરશ્રી તરફથી મળ્યા હતા જેને કારણે પાછલાં વર્ષોના પ્રમાણમાં કાંઈક સારી રકમ મેળવી શક્યા.

પરંતુ લોકોના આગેવાનો તરફથી તેના અનુસંધાનમાં મારા વિરુદ્ધ અરજી થઈ.

મેં કહ્યું તેમ અંકલેશ્વર એટલે ભારતનું મોટું ઔદ્યોગિક ક્ષેત્ર અને નર્મદાકાંઠા વિસ્તારની ખૂબ જ ફળદ્રુપ જમીન. દર વર્ષે રેલનાં પાણી ફરી જવાથી કાંપને કારણે ખાતર વિના ઓછી મહેનતે મબલખ પાક ઊતરે. આવી સારી આવક છતાં લોકો પૈસા ભરવા તૈયાર થાય નહીં. કાંઠા વિસ્તાર સિવાયના વિસ્તારમાં પણ ઉકાઈ , કાકડાપાર કમાન્ડ વિસ્તારને કારણે ખેતી ખૂબ સરસ, પરંતુ સરકારી નાણાં નહીં આપવાનું માનસ આ વિસ્તારના લોકો ધરાવે છે. તેઓ ગરીબ હોય, મજૂરી કરતા હોય તો સમજી શકાય ; પરંતુ આ તો તમામ જમીનદારો , સારી આવક ધરાવે, ઉત્પાદન પણ સારું. જીવનધોરણ ઊંચું જીવે છે ; છતાં સરકાર પાસે માગવાનું જ , આપવાનું નહીં તેવું માને.

આ જિલ્લામાં લગભગ બધા તાલુકાઓમાં વસૂલાત માટે જપ્તીઓ કરવામાં આવી હતી. આમાં એક ગામે વસૂલાત માટે લોકોને સમજાવવા બેથી ત્રણ વાર અમે જાતે જઈ આવ્યાં. પૈસા આવે જ નહીં. કહે , અમારે સરકારના લીધેલા પૈસા પાછા આપવાના જ નથી. એવું અમને તે વખતે આગેવાનોએ કહ્યું હતું. એટલે અમે લીધા. હવે શું કામ આપીએ ? છેવટે ન છૂટકે અમારે

જપ્તીનો કાર્યક્રમ રાખવો પડ્યો. એ ગામે લોકોની આર્થિક સ્થિતિ પણ સારી હતી. જે પૈસા આપવા તૈયાર ન હતા તે સરપંચશ્રીના સંબંધીઓ હતા.

જપ્તી માટે સરપંચશ્રી અને પોલીસ પટેલને સાથે લીધા. બે ઘરે સરપંચશ્રીએ જાતે જપ્તીઓ કરાવી. પૈસા આવી ગયા. અને જ્યાં ત્રીજા ઘરે ગયા ત્યાં સરપંચશ્રીએ જપ્તી માટે ના પાડી અને કહે, આ ઘરે જપ્તી કરવાની નથી. અમે કહ્યું, અમારાથી આવું પક્ષપાતી વલણ રાખી શકાય નહીં. અમારે બધાને સરખા ગણવાના. જપ્તી કરવી હોય તો બધા બાકીદારોને ત્યાં કરવી પડે. સરપંચશ્રી અમારી ઉપર ગુસ્સે થઈને ચાલ્યા ગયા. સાથે પોલીસ પટેલને પણ બોલાવી લીધા; પરંતુ પોલીસ પટેલની ફરજ અમને મદદ કરવાની હતી તેથી તેઓ પાછા આવ્યા. અમે સાંજ સુધી કામ કરી સારી એવી વસૂલાત કરી.

આ પ્રસંગ બન્યો તેને આઠમે દિવસે સમાચારપત્રમાં એ જ સરપંચશ્રીએ પોતાના નામે પ્રેસનોટ આપી કે “તાલુકા વિકાસ અધિકારી જપ્તીઓ કરે છે , માટે તેમની બદલી એક માસમાં નહીં થાય તો હું ઉપવાસ પર ઊતરીશ. બરાબર એક માસ પછી મારી બદલીનો હુકમ આવ્યો.

જોકે આવા ત્રણ સરપંચો સિવાય તાલુકાની પ્રજા , આગેવાનો અને ઉપરી અધિકારીઓ મારા પક્ષે હતા તેથી તાલુકાના અન્ય આગેવાનોએ જ મારા પક્ષે સાચી રજૂઆત કરી બદલી બંધ રખાવી. તેઓએ કહ્યું કે, જો બેત્રણ આવા સ્વાર્થી સરપંચોની રજૂઆતથી જે બદલી થઈ છે તે બંધ નહીં રહે તો, અધિકારીની તરફેણમાં અમે કોર્ટમાં જઈને સ્ટે મેળવીશું.

વસૂલાત માટે સરકારશ્રીનું દબાણ થાય , સખ્તાઈના ઇલાજો લઈને પણ વસૂલાત માટેની અમને ફરજ પાડવામાં આવે. તે કરીએ અને લોકો તરફથી અરજીઓ થાય એટલે અમારી બદલીઓ થાય. કામ નહીં કરીએ તો પણ શિક્ષાનો ભોગ બનવું પડે અને કામ કરીએ તો પણ શિક્ષાના ભોગ બનવું પડે છે.

છેલ્લે એક નાનો અનુભવ ટાંકીને મારી કહાણી બંધ કરીશ.

આ જ તાલુકાની એક વાત છે. નાના અને સીમાંત ખેડૂતો તરફથી તાલુકાના એક ખૂબ સમૃદ્ધ અને આગળ પડતા એવા ગામે લોન સબસીડી આપીને નાના સીમાન્ત અને ખેતમજૂરોના નામે ભેંસ ખરીદવામાં આવી હતી. (આ ભેંસો ખરીદાઈ તે વખતે હું અહીં હાજર થઈ ન હતી) સબસીડીની રકમ મંજૂર કરવાની બાકી હતી. મારા હાજર થતાં સબસીડી આપવા માટે મને

રજૂઆત થઈ. સંબંધિત કર્મચારીને બોલાવી, શી હકીકત છે તે પૂછ્યું. કર્મચારીભાઈ કહે, "સાહેબ, એ ગામે જે ભેંસો ખરીદવામાં આવી છે તે જે તે વ્યક્તિના ઘરે નથી. બીજા ઉજળિયાત અને સારા લોકોને ત્યાં છે. દૂધના જે પૈસા મળે તે એ ઉજળિયાત લોકો જ પેલાના નામે લે છે. એટલે જ્યાં સુધી ભેંસો જે તે લાભાર્થી પાસે નહીં આવે ત્યાં સુધી સબસીડી આપી શકાય નહીં."

મેં કહ્યું, "પણ તેમને એ રીતે જાણ કરો." "જાણ તો કરી જ છે , પણ તેઓ ભેંસો બીજાને ત્યાં જ રાખે છે. તમે કહો તો આજે સાંજે આપણે જઈને તપાસ કરીએ."

હું કર્મચારીભાઈ સાથે સંમત થઈ. સાંજે ૭ –૦ વાગે અમે ગામે ગયાં અને ઓચિંતા ઘેર ઘેર ફરીને તપાસ કરી. નંબર અને રંગ મારેલી ભેંસો બધી જ બીજાઓને ત્યાં, મોટા ખેડૂતોને ત્યાં હતી. આદિવાસી ખેતમજૂરનું નામ તો માત્ર ૨૫% થી ૩૩% અને ૫૦% રકમની સબસીડી મેળવવા માટે હતું. આમ જ્યાં ખેતમજૂર અને મોટા ખેડૂતો કે ઉજળિયાતની વસ્તી વધુ છે અને ખેતમજૂરો આ જમીનના માલિકોને ત્યાં સાથી તરીકે જ આજે પણ જીવે છે ત્યાં આવા નાના માણસોને આર્થિક ઉન્નતિ માટે સરકારના મળતા લાભો આ ખેતમજૂરો મારફત લઈને તેનો ઉપયોગ તો મોટા લોકો જ કરે છે.

છેવટે આ ગામની ભેંસોની સબસીડી જ્યારે ભેંસો જે તે ઈસમને ત્યાં રાખવામાં આવી ત્યારે જ ૧ વર્ષ પછી ચૂકવી. આ એક જ કિસ્સો નથી. આવા તો કંઈક કિસ્સા સાંભળ્યા છે પણ તેની સામે મારા જેવા એકાદ-બે અધિકારીઓ હાય-વોય કરે , હૈયાવરાળ કાઢે, તેનો કોઈ અર્થ નથી.

ઘણી વાર મારા માટે બોલાય કે તું પ્રૅક્ટિકલ થા . હું કહું છું, પણ કોઈ પ્રસંગે પ્રૅક્ટિકલ થઈ શકાય તેમ ના હોય તો ? શું મારે ખોટું કરવા પ્રૅક્ટિકલ થવાનું ? સરકારી નિયમોનું ઉલ્લંઘન કરવું ?

નિયમો ઘડનારાના મોઢે નિયમોનું ઉલ્લંઘન કરવાનાં કોઈ વાર મૌખિક સૂચનો પણ મળે છે કે ફલાણી વ્યક્તિ ચૂંટાયેલા નેતા છે . તેનું ફલાણું કામ કરીને નિયમોનું જુદી રીતે અર્થઘટન કરી દેવાનું છે, ત્યારે દુઃખ થાય છે.

આ બધાથી, તંગદિલીભર્યા સતત મગજ ઉપર ભાર વધારનારા આવા વાતાવરણમાંથી ઘડીક બહાર નીકળી જવાનું મન થઈ આવે છે. ક્યારેક થાય છે કે જે સંસ્કારો મને મળ્યા , જે

વિદ્યા મેં પ્રાપ્ત કરી, જે વાતાવરણ અને સંસ્થાઓમાં હું ઊછરી , મોટી થઈ તે મારા વર્તુળમાંથી જાણે હું ક્યાંક અજાણ્યા વાતાવરણમાં ફેંકાઈ ગઈ છું , જ્યાં અંધકાર છે, જ્યાં આંટીઘૂંટી છે, જ્યાં ઝંઝાવતો જ સામે આવીને ઊભા રહે છે , તેની સામે હંમેશાં ઝઝૂમવાનું ? સામનો કરવાનો ? ક્યાંય શાન્તિ નહિ ? આરામ નહિ ? સહાનુભૂતિ કે હૂંફ નહિ ? આ બધાંમાંથી ફરીથી મારા વર્તુળમાં ચાલી જાઉં; પરંતુ વળી એમ થાય છે કે એમ હિંમત હારી જવાય કે ?

એક વખત આ બધા સરકારી વહીવટ અને વાતાવરણથી કંટાળીને પૂ. જુગતરામકાકાને મેં કહ્યું હતું કે “કાકા , આ સરકારી નોકરીમાંથી હવે બહાર નીકળી જવાનું મન થાય છે.” પહેલાં જેવું સારું તંત્ર હવે નથી. અધિકારીઓ અને આગેવાનો બધા જ સરખા. આપણાંથી ખોટું થાય નહિ, અન્યાય , પક્ષપાત થાય નહિ એટલે ઘણી વાર મારે લોક –આગેવાનોના રોષના ભોગ બનવું પડે છે.” પૂ. કાકાએ મને કહ્યું, “તું એમ થાકે, હારે તે યોગ્ય નથી. તારા જેવા આપણી નઈ તાલીમના વિદ્યાર્થીઓ પણ સરકારી ખાતામાં રહેવાં જોઈએ અને ખોટાનો –અન્યાયનો સામનો કરીને કામ કરી બતાવવું જોઈએ.”

વળી પછી મનમાં થાય છે કે ગમે તેવાં ઝંઝાવાતો , વિઘ્નો, કસોટીઓનો સામનો કરવો પડે તો કરીશ. જે માથે લીધું છે તે પૂરું કરીશ અને તેથી જ આજે આવા ક્ષેત્રમાં પડીને સતત તેની સામે સંઘર્ષમય વાતાવરણમાં પણ કામ કરવાનું ચાલુ રાખ્યું છે. તેનાથી થાકું છું , હતાશ થઈ જાઉં છું ત્યારે રાત્રે નિરાંતના સમયે સૂતાં સૂતાં મારું શિક્ષણ , મને મળેલ સંસ્કારો , લોકભારતી, કન્યા આશ્રમ, મઢી અને મારા ગુરુજનોનું સ્મરણ કરું છું, વાગોળું છું. સવારે ફરીથી પ્રફુલ્લિત થઈને ફરજની ઘાણીમાં જોડાઈ જાઉં છું. એ જ ઘાણી , એ જ કચેરી , એ જ લોકોનાં ટોળાં, પ્રશ્નો, કામના ઢગલામાં ફરીથી ખોવાઈ જાઉં છું. દિવસ બદલાતો રહે છે. સમય ઝડપભેર પસાર થાય છે. દિવસ અને રાત, રાત અને દિવસ આમ ને આમ ૨૦ વર્ષ તો પૂરાં થઈ ગયાં , હજી ઘાણીનાં ચક્રો ચાલુ છે.

## કુ. જમુબહેન ચૌધરી

કુ. જમુબહેન હાંસજીભાઈ ચૌધરીનો જન્મ ખેતમજૂરી કરતા અભણ અને અત્યંત ગરીબ આદિવાસી કુટુંબમાં તા. ૧૧ –૯–૧૯૩૫ના રોજ બારડોલી તાલુકાના બેડિફળિયા ગામમાં થયો હતો. શ્રી. અન્નપૂર્ણાબહેન મહેતાએ શરૂ કરેલ બાલવાડી તથા કન્યા આશ્રમ મઢી પહેલા જૂથના વિદ્યાર્થી છાત્ર થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં અભ્યાસની અનુકૂળતા થઈ. વાત્સલ્યધામ , મઢી, નઈતાલીમ ભવન, સેવાગ્રામમાં શ્રી. આર્યનાયકમજી અને આશાદેવીબહેન પાસે ભણી શક્યાં. ઉચ્ચ શિક્ષણ માટે લોકભારતીમાં જોડાઈ ૧૯૬૦માં લોકશિક્ષણનાં સ્નાતિકા થયાં. ૧૯૭૦માં ઇતિહાસ–અર્થશાસ્ત્ર વિષયો લઈ સૌરાષ્ટ્ર યુનિ.નાં એમ. એ. થયાં.

૧૯૬૧થી કાર્યપ્રવૃત્તિ શરૂ થઈ. સુરત જિલ્લા નશાબંધી સમિતિમાં પ્રચારક , બારડોલીમાં સ્ત્રી અધ્યાપન મંદિરમાં અધ્યાપિકા અને ગૃહમાતા, સામૂહિક વિકાસ ખાતામાં સ્ત્રી સમાજસેવિકા, ખેતીવાડી ખાતામાં તાલીમ અધિકારી મહિલા તરીકે કામ કર્યું. છેલ્લે જુલાઈ ૧૯૭૭થી તાલુકા વિકાસ અધિકારી તરીકે ગુજરાત રાજ્યમાં જુદા જુદા તાલુકામાં કામ કર્યું છે.

પ્રવાસ, સંગીત અને સામાજિક સાહિત્ય–વાચનનો શોખ છે. સમાજસેવામાં જ એવાં ખૂંપી ગયાં છે કે વિવાહ કરવાનો વિચાર જ નથી આવ્યો.

----------------